


# જ્યોતિષી કાગડાભાઈ

- ધ્રુવી અમૃતિયા

**પ્રાપ્તિસ્થાન**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, **આણંદ** - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

**શાખા**

૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, **નડિયાદ**

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
**ડાકોર**, તા. ઠાસરા, જિ. ખેડા

## અર્પણ

શ્રી સરવા લેબર કેમ્પ

પં.પ્રા શાળા - નવા કંડલાનાં

મારાં વિદ્યાર્થીઓને

સસ્નેહ......

- ધ્રુવી અમૃતિયા

## બે બોલ

પ્રથમ બાળવાર્તા સંગ્રહ 'સૂર્યને શિક્ષા કરો' ને બાળકો તરફથી સારો એવો પ્રતિસાદ સાંપડ્યો, જેના લીધે બીજો સંગ્રહ પણ તૈયાર કરવાની પ્રેરણા મળી.

'જ્યોતિષી કાગડાભાઈ' નામક આ વાર્તાસંગ્રહમાં કુલ અગિયાર વાર્તાઓ છે. જેમાં મારી બાળકો સાથે વીતેલી ક્ષણોનો આછો પાતળો ચિતાર આલેખવાની મથામણ રહી છે.

ગુજરાતી સાહિત્ય અકાદમીએ આ વાર્તાસંગ્રહને પ્રકાશન સહાય પૂરી પાડી તે બદલ અકાદમીની હું ઋણી છું. તેમજ પરોક્ષ-પ્રત્યક્ષ રીતે મદદરૂપ થનાર સાથી શિક્ષક મિત્રો, સર્જકમિત્રોનો હું આ ક્ષણે અભાર માનવા ઉત્સુક છું....

ધ્રુવી અમૃતિયા (આચાર્યા)

પો.બો.નં. ૪૦, ૩૫૫-ડી,
વોર્ડ નં. ૧૧-એ
ભારત નગર
ગાંધીધામ - કચ્છ
મો.નં. ૯૯૭૯૦ ૭૫૭૧૮

# અનુક્રમણિકા


૧. સાધુની સાધુતા
૨. કસાઈનું હૃદય પરિવર્તન
૩. જગુ - બેલીની જોડી
૪. રાહીનું સ્વપ્ન
૫. મૂર્ખ ગધેડાનું ડહાપણ
૬. જ્યોતિષી કાગડાભાઈ
૭. સાચો ધર્મ
૮. પ્રામાણિકતાનું ફળ
૯. વાદળ અને ચીનુ
૧૦. દાડમ - સફરજનની લડાઈ
૧૧. વેજા વાંદરાના પરાક્રમો


# ૧. સાધુની સાધુતા

એક દિવસ એક સાધુ ફરતા ફરતા વિલુપુરમાં આવી પહોંચ્યા.

ગામમાં દાખલ થતાં તેમણે એક સુંદર કમળથી ખીલેલું તળાવ જોયું. તળાવના કાંઠે જાતજાતનાં વૃક્ષો કોઈ સિપાઈની જેમ ઉભાં હતાં. વૃક્ષો ઉપર પંખીઓ કલરવ કરતાં હતાં.

સાધુ ગામમાં અંદર ગયા.

તેમણે એક-બે ઘરે જઈને ભિક્ષા માગી. સાધુને ગામના લોકો દયાળુ લાગ્યા. ગામમાં ક્યાંય કોઈ લડતું - ઝઘડતું

જોવા ન મળ્યું.

સાધુને ગામ ગમી ગયું.

સાધુએ આ ગામમાં જ રહી જવાનું નક્કી કર્યું.

ગામમાં એક શિવજીની નાની ડેરી હતી. સાધુ ત્યાં જ રહી પડ્યા.

હવે સાધુ દરરોજ ડેરીની આસપાસની જગ્યા સાફ રાખે અને સવાર સાંજ ભગવાનની આરતી કરે.

ગામમાંથી જે કંઈ માગી લાવ્યા હોય તેમાંથી થોડું પોતે ખાય અને બાકીનું ઓટલા પર મૂકી રાખે. કોઈ રખડતું કૂતરું કે ગાય આવીને એ ખાઈ જાય.

સાધુનો આ રોજનો ક્રમ હતો. ઓટલે મૂકેલો રોટલો ખાવા એક કાણિયો કૂતરો રોજ આવવા લાગ્યો. આ કૂતરાનો ક્રમ થઈ ગયો હતો.

ગામમાં રોજ જવાથી હવે ગામ લોકો સાધુને ઓળખવા લાગ્યા હતા.

ગામ લોકો દાન પુણ્યમાં માનતા હોવાથી સાધુને વાર - તહેવારે અન્નદાન - વસ્ત્રદાન કરતા.

'સાધુને વળી આ બધી માયા કેવી !' એમ કહીને સાધુ



પોતાને જરૂર પૂરતું જ લેતાં. અને બાકીનું ગરીબોને આપી દેવા માટે કહેતા.

ગામ લોકોને પણ સાધુ માટે આદરભાવ જાગ્યો હતો.

ગામ લોકો દર્શન માટે આવતા ત્યારે આરતીનો સમય હોય તો થોડીવાર બેસતા.

લોકોને એ જોઈને નવાઈ લાગતી કે આરતીનો સમય થાય એટલે કાણિયો કૂતરો ગમે ત્યાંથી આવી પહોંચે. અને ડેરીની બહાર બે પગે ઉભો થઈને આરતી કરે.

હવે તો એ કાણિયો કૂતરો સાધુની આસપાસ જ રહેતો.

સાધુ રોજ સાંજે સત્સંગ કરતા.

ગામ લોકોની સંખ્યા દિવસે દિવસે વધવા લાગી.

સાધુની ધર્મ પરાયણતા જોઈને ગામ લોકોએ સાથે મળીને  ડેરીમાંથી સુંદર મંદિર બનાવી દીધું.

મંદિરમાં શિવ-પાર્વતીની હિરા-જડીત મૂર્તિ પણ મૂકવામાં આવી.

લોકો શ્રધ્ધાળુ તો હતા જ પણ સાધુએ આવીને તેમની શ્રધ્ધાને વાચા આપી.

આમને આમ દિવસો પસાર થાય છે.

ગામ લોકો ઉનાળાની કાળઝાળ ગરમીથી ત્રાસી ગયા છે. બધાની નજર હવે આકાશ તરફ છે. ચાતક પક્ષીની જેમ મોં ખોલીને બધા વરસાદનું પાણી પીવા તરસી રહ્યા છે. નદી નાળાની રેતી રોજ તપે છે અને ઠંડી પડે છે. લોકોની આવી હાલત હોય ત્યાં પશુ-પક્ષીઓનું તો પૂછવું જ શું ?

ધીમે ધીમે લોકોને અનાજ પાણીની તકલીફ પડવા માંડી.

ગામના કોઈ કોઈ ઘરના ઓટલે ચોરી થયાની વાતો સંભળાવા લાગી.

સાધુને ગામની આવી હાલત જોઈને દુઃખ થાય છે.

એક દિવસ રાતે સાધુ ઓટલા પર સૂતા હતા.

અડધી રાતે તેમણે કાણિયા કૂતરાનો ભસવાનો અવાજ સાંભળ્યો. અવાજ સાંભળીને સાધુ જાગી ગયા અને તેમણે મંદિરમાં કોઈનો પડછાયો જોયો.

ચંદ્રના અજવાળામાં સાધુએ જોયું કે કાળા કપડામાં ઢંકાયેલા પડછાયાએ શંકર પાર્વતીની હિરાજડીત મૂર્તિ ઉઠાવી તે બહાર નીકળતો હતો ત્યારે સાધુએ તેને અટકાવ્યો.

પકડાઈ જવાથી તે ગભરાઈ ગયો. પરંતુ તરત જ તેણે ખીસ્સામાંથી ચાકુ કાઢીને સાધુ સામે ધર્યું.



'એય સાધુડા, મને રોકવાનો પ્રયત્ન ન કરીશ.' ચોરે ઉધ્ધતાઈથી કહ્યું.

સાધુએ શાંતિથી જવાબ આપ્યો : 'આ મંદિર ગામલોકોની મહેનતથી તૈયાર થયેલું છે. તેથી તેમાંથી હું, તને કંઈ લઈ જવા નહીં દઉં.'

'તારે લઈ જવું હોય તો મારી પાસે જે સામાન છે તેમાંથી લઈ લે.'

'હું અહીં તારું ભાષણ સાંભળવા નથી આવ્યો. અને તારા આ ફાટેલા તૂટેલા બે-ચાર કપડાંથી મારું પેટ ન ભરાય'. ચોરે એમ કહીને સાધુને ધક્કો માર્યો.

સાધુ નીચે ગબડી પડ્યા.

એટલી વારમાં ચોર અંધારામાં અદૃશ્ય થઈ ગયો.

બીજા દિવસે લોકો રોજના ક્રમ મુજબ આરતી માટે આવવા લાગ્યા. મંદિરમાં આવીને જુએ છે તો મૂર્તિ ગાયબ !

સાધુ તો જાણે કંઈ બન્યું જ ન હોય એ રીતે પોતાના પાઠ-પૂજા કરતા હતા.

એક માણસે આગળ આવીને પૂછયું : 'મહાત્માજી, અહીં મૂર્તિ કેમ દેખાતી નથી ?'

સાધુ કંઈ જવાબ આપતા નથી.

'શું મૂર્તિની ચોરી થઈ ગઈ છે ?' - બીજો માણસ

'તમે કેમ કંઈ બોલતા નથી ?' - ત્રીજો માણસ

ગામમાં આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ. જેમ જેમ લોકોને જાણ થતી ગઈ તેમ તેમ લોકો મંદિરમાં એકઠા થવા લાગ્યા.

ગામ લોકો ફેરવી ફેરવીને સાધુને પ્રશ્ન પૂછે છે. પણ સાધુ ચૂપ છે.

સાધુને ચૂપ ઉભેલા જોઈને ગામ લોકોના મનમાં શંકા જાગી.

'મને તો પહેલેથી જ આ સાધુ ઠગ લાગતો હતો.'

'પોતે ચોરી કરીને મૂર્તિ ક્યાંક સંતાડી દીધી હશે અને કોઈને શંકા ન જાય એટલે અહીંથી ભાગ્યો નહિ હોય.'

'આ તો હાથનાં કર્યા હૈયે વાગ્યા.'

'સારું થયુ ને કે વહેલી ખબર પડી ગઈ. હું તો મારા દીકરાના લગ્નમાં મંદિરને રૂા. ૫૦,૦૦૦/- નું દાન આપવાની હતી.

આવી તો કેટકેટલી વાતો ટોળામાં ઉઠવા લાગી.



ગામના સરપંચ પણ આવી ગયા.

ગામ લોકોએ સરપંચને આ ચોરી માટે સાધુને સજા કરવા માટે જણાવ્યું.

સરપંચે ફરી એક વખત સાધુને આ ચોરી વિશે પૂછયું. પણ સાધુ મૌન જ રહ્યા.

ગામલોકોના દબાણથી સરપંચે સાધુને જાહેરમાં ૫૦૦ કોરડા મારવાની સજા ફટકારી.

બધાને એમ હતું કે સજા સાંભળીને સાધુ સાચુ બોલી દેશે. પણ સાધુ તો ચૂપ જ રહ્યા.

સાધુને એક થાંભલા સાથે બાંધવામાં આવ્યા.

ગઈ રાતે ચોરી કરવા આવેલો ચોર પણ ટોળામાં હતો. તેને ડર હતો કે સાધુ ક્યાંક સાચી વાત ન કહી દે. જો કે તેને મનમાં એક વાતની નિરાંત હતી કે સાધુએ તેને ઓળખ્યો ન હતો.

પરંતુ સજા સાંભળીને તેનું મન વ્યાકુળ બની ગયું.

સાધુને જયાં પહેલો કોરડો ફટકારવા જાય છે ત્યાં પાછળથી કોઈ કોરડો પકડી લે છે.

બધાનું ધ્યાન એ બાજુ જાય છે.

આ તો મનુ. તેને જોઈને બધાને આશ્ચર્ય થયું.

સરપંચે તેને આમ કરવાનું કારણ પૂછયું.

મનુ સરપંચના પગમાં પડી ગયો. તેણે ગળગળા સાદે કહ્યું. 'મને માફ કરી દો, જે સજા કરવી હોય તે કરો. પણ આ મહાત્માને છોડી દો.'

કોઈને મનુની વાત ન સમજાઈ.

'કોઈ એકની સજા બીજાને ન કરાય. કરેલા કર્મોનું ફળ તો ભોગવવું જ પડે.' સરપંચે ઉભા થતા કહ્યું.

'તેથી જ કહું છું સરપંચજી. સજા મને કરો. ચોર આ સાધુ નહિ પણ હું છું.'

તેની આ વાત સાંભળીને બધા લોકો એકબીજા સામે જોવા લાગ્યા.

મનુએ રાતે બનેલી બધી વાત કરી. અને સાધુની માફી માંગી.

સાધુએ મનુ સામે પ્રેમથી જોયું અને કહ્યું : 'હું તો તને કાલે જ ઓળખી ગયો હતો.'

આ સાંભળીને મનુએ આશ્ચર્યથી સાધુને પૂછયું : 'તો પછી તમે મને કેમ બચાવ્યો ?'



દુર્જનની દુર્જનતા સામે સજ્જનો પોતાની સજ્જનતા છોડતા નથી. તે તારું કર્મ કર્યું. મેં મારો ધર્મ બજાવ્યો.'

મનુ અને સાધુની વાતચીત સાંભળીને સરપંચ તથા ગામ લોકોને લાગ્યું કે બહું મોટું પાપ થઈ ગયું.

સરપંચે સાધુને પોતાના હાથે છોડ્યા અને માફી માગી. ગામ લોકોએ પણ માફી માગી.

સરપંચે મનુને સજા કરવા હુકમ કર્યો.

પરંતુ સાધુની દયાથી મનુને છોડી મૂકવામાં આવ્યો. અને મૂર્તિ પાછી સોંપી દેવા જણાવ્યું.

બીજા દિવસે સવારે આરતી સમયે લોકો ભેગા થયા. પણ મંદિરમાં ક્યાંય સાધુ ન હતા કે ન હતો પેલો કાણિયો કૂતરો !.

■ ■ ■ ■ ■

## ૨. કસાઈનું હૃદય પરિવર્તન

ગામમાં પશા પટેલનું ઘર પૈસે ટકે સુખી ગણાતું.

પશા પટેલ ચાર - પાંચ ગાયો રાખતા.

મૂળ તો પશા પટેલ ખેડૂત હતા પણ સાથે સાથે તે દૂધ વેચવાનો પણ ધંધો કરતા હતા.

પશા પટેલ અને ગોમતી પટલાણી ગાયોની ખૂબ કાળજી લેતા. તેમની ગાયો તો તાજી માજી અને ભેંસોને ય ભૂલાવી દે તેવી હતી.

રોજ સવારે ભોલો ભરવાડ આવે અને ગાયોને સીમમાં



ચરાવવા માટે લઈ જતો. એક દિવસ ભોલો ગાયોને લઈને સીમમાં ગયો. ગાયો પોતાની રીતે ચરતી હતી. તે જોઈને ભોલાને થયું, ઝાડ નીચે બેસીને થોડો આરામ કરી લઉં. ત્યાં જ રાધા રબારણ આવી. ભોલો તેની સાથે વાતોએ વળગ્યો. અને તેને સમયનું ભાન પણ ન રહ્યું.

પશા પટેલની એક ગાય ચરતા ચરતા આગળ નીકળી ગઈ. આમને આમ તે જંગલમાં પહોંચી ગઈ.

સૂરજ આથમતાં અંધારું ફેલાવા લાગ્યું.

જંગલમાં વૃક્ષોનાં કારણે અંધારુ વધુ ગાઢ બન્યું.

ગાય પાછી ફરવા લાગી. પણ તે જંગલમાંથી બહાર નીકળી શકી નહિ. ગાય તો મોટેમોટેથી ભાંભરવા લાગી. પણ તેનો અવાજ જંગલની બહાર જઈ શકે તેમ ન હતો.

આખરે હારી થાકીને ગાય એક ઝાડ નીચે બેસી ગઈ.

એટલી વારમાં એક માણસ ત્યાંથી પસાર થયો.

માણસે ગાયને જોઈ. આવી તાજી - માજી ગાયને જોઈને તેની આંખોમાં ચમક આવી ગઈ.

તે માણસ ગાયને પોતાના ઘરે લઈ ગયો.

ઘરે જઈને માણસે ગાયને ઘાસ નાખ્યું. પણ પોતાના માલિકની યાદ આવતા ગાયની આંખમાં આંસુ આવી ગયા.

તેને ઘાસ ખાવાની જરા પણ ઈચ્છા ન થઈ.

આમને આમ રાત વીતી ગઈ.

સવારના અજવાળામાં ગાયે જોયું તો તેના જેવી બીજી એક ગાય ખૂણામાં પડેલી હતી. તે જરાપણ હાલતી ચાલતી ન હતી.

થોડીવારમાં પેલો માણસ આવ્યો.

માણસે ગાયને કહ્યું : 'છેલ્લી વાર ઘાસ ખાવું હોય તો ખાઈ લે.'

'છેલ્લી વાર કેમ ?' ગાયે આશ્ચર્યથી પૂછયું.

'કારણકે હું તને મારી નાખીશ.' માણસે કહ્યું.

'શું તું મને મારી નાખીશ ?'

'હા.... આજ મારો ધંધો છે.' કહેતા કહ્યું 'હું કસાઈ છું.'

'મને મારીને તને શું મળશે ? મને મારા ઘરે જવા દે' ગાય કરગરતા બોલી.

'એક વખત કસાઈવાડામાં આવેલું પ્રાણી અહીંથી પાછું જ જઈ શકે.' માણસ નિર્દયતાથી બોલ્યો.

'જો તું મને જીવતી રાખીશ તો હું તને દૂધ આપી શકું.'

'ફક્ત તારા દૂધથી મારા પરિવારનું ગુજરાન ન ચાલી શકે.'



'પણ તું મને મારી નાખે, પછી તો હું સાવ નકામી ન બની જાઉં ને ? તેનાથી તને શું ફાયદો થાય ?'

'શું તું એ વાત નથી જાણતી કે હાથી જીવે તો લાખનો પણ મરે તો સવા લાખનો ! તું જીવતા જેટલી કમાણી કરાવી શકે તેના કરતાં તારા મરી ગયા પછી તારું ચામડું વધારે પૈસા અપાવે.'

'તો શું તું મારું ચામડું કાઢીશ ?'

'હા, તારું ચામડું કાઢીને તેને સાફ કરીશ, પછી તેમાંથી માણસોને ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવશે.'

'ઘરે મારું વાછરડું મારી રાહ જોતું હશે, જો હું ઘરે નહીં જાઉં તો તે રડી રડીને મરી જશે. મને ઘરે જવા દે.'

'હું પણ આ કામ મારા બાળકો માટે જ કરું છું. મારે ત્રણ નાના નાના બાળકો છે. જો હું તારું ચામડું વેચીને પૈસા લાવીશ તો તેને ખવડાવી શકીશ.' માણસે કહ્યું.

ગાયે પોતાને છોડી દેવા માટે ઘણી આજીજી કરી પણ કસાઈ પીગળ્યો નહિ.

ગાયે વિચાર્યું, હવે હું તો મારા વાછરડાને મળી શકીશ નહિ. પણ આ કસાઈના કામમાં આવતી હોઉં તો ભલે મને મારી નાખે. મરતાં મરતાં એક સારું કામ તો થશે.'

ગાય મરવા માટે તૈયાર થઈ ગઈ.

કસાઈ ગાયને મારવાની તૈયારી કરતો હતો તે સમયે કસાઈની પત્ની હાંફળી ફાંફળી થતી કસાઈ પાસે દોડી આવી. પત્નીને ગભરાયેલી જોઈને કસાઈ સફાળો બેઠો થઈ ગયો. તેણે પત્નીને પૂછયું : 'શું થયું ?'

ગભરાયેલી પત્નીના ગળામાંથી અવાજ ન નીકળ્યો. તે કસાઈને ખેંચીને ઘરની બહાર આવેલા કૂવા પાસે લઈ ગઈ. કૂવા તરફ આંગળી ચીંધીને તૂટક તૂટક શબ્દોમાં એટલું જ બોલી શકી : 'રમજુ.... કૂવો.... રમતાં....'

કસાઈ સમજી ગયો કે તેનો નાનો દીકરો રમજુ કૂવામાં પડી ગયો છે.

કસાઈએ આજુબાજુ નજર દોડાવી. પણ તેની નજરે કયાંય દોરી ન દેખાઈ. વિચારવાનો વધારે સમય હતો નહિ.

કસાઈ કંઈ પણ વિચાર્યા વિના કૂવામાં કૂદી પડ્યો.

પાણી પી જવાને કારણે રમજુ ધીમે ધીમે ઊંડો ઉતરતો જતો હતો.

થોડા સમયની મહેનત બાદ કસાઈ પોતાના દીકરાને શોધી શક્યો. તેને ખભા પર બેસાડીને બહાર કાઢ્યો.

પાણી પી જવાને કારણે રમજુ બેભાન જેવો થઈ ગયો હતો. પોતાના દીકરાની આવી હાલત જોઈને બંને પતિ-પત્ની હેબતાઈ ગયાં. કસાઈને કાપો તો લોહી ન નીકળે, એવી હાલત થઈ ગઈ. શું કરવું તેનું પણ કંઈ ભાન ન રહ્યું.



થોડી જ વારમાં ડૉક્ટર આવી પહોંચ્યા.

ડૉક્ટરે રમજુની સારવાર કરી.

તરત જ સારવાર કરવાથી રમજુ બચી ગયો.

હવે કસાઈના જીવમાં જીવ આવ્યો. તેણે ભગવાનનો આભાર માન્યો.

રાત્રે કસાઈ પથારીમાં સૂવા પડ્યો. પણ તેને નીંદર આવી નહિ. તેનું મન વિચારે ચઢ્યું હતું, આજે મારા દીકરાને કંઈ થઈ ગયું હોત તો હું કેમ જીવી શકત ? પુત્રને મુશ્કેલીમાં જોઈને મારું મન કેટલું દુઃખી થઈ ગયું. ગાયને પણ પોતાનું વાછરડું યાદ આવતા આટલું જ દુઃખ થતું હશેને ? વળી, વાછરડું પણ પોતાની માતા વગર કેમ રહી શક્યું હશે ? મારે પ્રાણીઓ સાથે આટલી નિર્દયતાથી ન વર્તવું જોઈએ. હું કાલે જ ગાયને છોડી દઈશ. અને ભગવાનની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે, હું કોઈ પ્રાણીઓની હત્યા નહીં કરું. પણ મરેલા પ્રાણીઓનું જ ચામડું ઉતારીશ.

આમ, વિચારવાથી કસાઈનું મન શાંત થયું. તેને નીંદર આવી ગઈ.

બીજા દિવસે તેણે ગાયને છોડી દીધી.

ગાય તેનો આભાર માનીને પોતાના માલિકના ઘરે જતી રહી.

■ ■ ■ ■ ■

# ૩. જગુ બેલીની જોડી

જગુ લગભગ દસેક વર્ષનો છોકરો.

ગામની કુમાર શાળામાં પાંચમા ધોરણમાં ભણે.

જગુને ભણવાનું ગમે ખરું પણ તેને નિશાળમાં પાંચ કલાક બેસી રહેવું ન ગમે.

રિશેષ પડે ને છોકરાઓ રમવા માટે દોડી જાય તો કેટલાક લડાઈ ઝઘડા કરે. પરંતુ જગુ તો સીધો ઘર ભણી દોટ મૂકે અને પહોંચી જાય ઘરની પાછળના વાડામાં.

ત્યાં બેલી બકરી પણ જગુની રાહ જોતી હોય. બેલી જ્યારે સાવ નાનું બચ્ચું હતી ત્યારે જગુના પિતા ભરવાડ પાસેથી લાવ્યા હતા. અને બેલીને રઘુના હાથમાં મૂકી દીધી.



બકરીનું નાનું બચ્ચું જોઈને જગુ તો ખુશ-ખુશ થઈ ગયો બેલીનું નામ પણ જગુએ જ પાડ્યું હતું. જગુ બેલીની ખૂબ કાળજી રાખતો.

જગુનો પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ જોઈને જગુની માને પણ આનંદ થતો.

સાંજે નિશાળેથી છૂટીને જગુ, બેલીને ગામની સીમમાં ચરવા માટે લઈ જતો. એ બહાને જગુને પણ ફરવાનું મળતું. સાંજે જ્યારે સૂર્ય આથમી જાય, પંખીઓ પોત પોતાના માળામાં જતા રહે ત્યારે જગુ બેલીને લઈને ઘેર પાછો આવે.

જગુ ઘરમાં ત્રણેય ભાઈ-બહેનોમાંથી સૌથી નાનો તેથી વધારે લાડકોડમાં ઊછર્યો હતો. તેથી ઘરમાં જગુને કોઈ કંઈ કહેતું નહિં.

એક દિવસ સરપંચે ગામમાં એક નવીન પ્રકારની સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

જેણે સ્પર્ધામાં ભાગ લેવો હોય તેણે પોતાના પ્રાણીઓ સાથે હાજર રહેવું.

પ્રાણીની તંદુરસ્તી અને તેને આપવામાં આવેલી કેળવણીના આધારે પ્રાણીઓને નંબર આપવામાં આવશે અને તેના માલિકને ઈનામ આપવામાં આવશે.

આ સ્પર્ધામાં જગુએ પણ ભાગ લીધો.

જગુના પિતાજીએ કહ્યું : 'જગુ બેટા, તું આ સ્પર્ધામાં ભાગ લે છે. પણ ત્યાં તો ગાય અને ભેંસ લઈ આવનાર માણસો પણ આવશે. ક્યાં મોટા શિંગડાવાળી ગાયો અને જાડી પાડી ભેંસો અને ક્યાં તારી આ નાનકડી બેલી!'

'પિતાજી, કંઈ શરીરમાં મોટા હોવાથી નંબર ન આવી જાય. તેના માલિકે તેને કેવી કેળવણી આપી છે એ પણ જરૂરી છે. મને વિશ્વાસ છે કે બેલીનો જ નંબર આવશે.' જગુ આત્મવિશ્વાસથી બોલ્યો.

જગુનો વિશ્વાસ જોઈને તેના પિતાજીએ તેમને સ્પર્ધામાં ભાગ લેવા માટે રજા આપી.

સ્પર્ધાના દિવસે બેલીએ એવી એવી કરતબો બતાવી કે જોવા આવનાર ગામ લોકોએ મોંમાં આંગળાં નાખી દીધા. બેલીની હોશિયારી જોઈને બધાએ જગુને શાબાશી આપી.

તોફાની છોકરાઓએ તો એક ગતકડું પણ શોધી કાઢ્યું, 'જગુ-બેલીની જોડી, કોઈ ન શકે તોડી.'

જગુ આ સાંભળીને આનંદમાં આવી જતો. બેલી પણ ખુશ થતી હોય તેમ પાછળના બે પગ ઊંચા કરી કૂદકા મારતી. અને બેં... બેં... કરતા જગુની આસપાસ ફરતી.

ગામ લોકોએ કહ્યું કે સ્પર્ધામાં બેલીનો જ નંબર આવવો જોઈએ.



સરપંચે પણ પહેલો નંબર બેલીને આપ્યો અને જગુને પાંચસો રૂપિયાનું ઈનામ આપ્યું.

જગુએ પાંચસો રૂપિયા લેવાના બદલે ગૌશાળામાં ભેટ આપી દીધા.

હાજર રહેલા બધા લોકોએ જગુની વાતને તાળીઓથી વધાવી લીધી.

તે દિવસથી જગુ બેલીની વધારેને વધારે કાળજી લેવા માંડ્યો.

આમને આમ દિવસો વિતતા ગયા.

લોકો ઉનાળાની અકળાવનારી ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. આકાશમાં વારેવારે નજર ફેરવી લેતા.

ઘણા લોકોએ તો વરસાદ વરસે એ માટે માનતા પણ માની હતી. ગામ લોકોએ તો ખેતરમાં વાવણી કરવા માટેની તૈયારીઓ પણ કરી લીધી હતી.

ગામની સીમમાં હવે ક્યાંય ઘાસ રહ્યું ન હતું. તેથી પ્રાણીઓ પણ મરવાના વાંકે જીવતાં હતાં.

જગુ હવે બેલીને સીમમાં લઈ જવાના બદલે જાતે જ દૂર દૂર સુધી ફરીને ચારો લઈ આવતો.

ગામ લોકોએ પૂજા - વિધિ કરી.

દેવને રીઝવવા અનેક પ્રયત્નો કર્યા.

અંતે ગામ પર દેવની કૃપા વરસી.

ધીમો ધીમો, ઝરમર - ઝરમર વરસાદ વરસવાનું શરૂ થયું.

લોકોને વિશ્વાસ ન આવ્યો. બધા ઘરની બહાર દોડી ગયા. લોકોમાં આનંદની લહેર ફેલાઈ ગઈ.

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ..... ધીમે ધીમે વરસાદ વધતો ગયો.

હવે લોકોનો આનંદ ઓછો થવા લાગ્યો.

એકધારા વરસતા વરસાદના કારણે લોકોને ઘરમાં ભરાઈ રહેવું પડ્યું.

નદી-નાળા, કૂવા છલોછલ પાણીથી ભરાઈ ગયા.

હવે ધીમે ધીમે પાણી લોકોના ઘરની આસપાસ આવવા લાગ્યું.

જે લોકોએ વરસાદ માટે માનતાઓ માની હતી હવે તે જ લોકોમાં 'ખમ્મા કરો, ખમ્મા કરો....' ના પોકારો ઉઠવા લાગ્યા.

હવે તો પાણી ઘરમાં પ્રવેશી ચૂક્યાં હતાં.

ટી.વી. અને રેડિયામાં ચેતવણી અપાવા લાગી કે બને તેમ જલ્દી ગામ ખાલી કરો. આ વાત સાંભળી લોકો તો હેબતાઈ



જ ગયા.

ગામ લોકો વિચારતા રહ્યા કે શું કરવું ? અને શું ન કરવું ? ત્યાં સુધીમાં તો પાણીની ધારા અને પવનનું જોર વધી ગયું.

ગામ લોકો પાસે વિચારવાનો સમય જ ન રહ્યો. ગામ લોકો ગામ છોડી છોડીને ભાગવા લાગ્યા.

પોતાના મોટા ઘર, પૈસા-ટકા, દર-દાગીના છોડીને ભાગ્યા. જયાં જીવ બચાવવાના પણ ફાંફાં હોય ત્યાં આવું બધુ લેવા માટે લોકો ઉભા રહે ખરા ?

જગુના મમ્મી-પપ્પા પણ તેના ત્રણ બાળકો સાથે વહેલી સવારમાં નીકળી પડ્યા.

ઊંઘમાને ઊંઘમાં જગુ થોડે સુધી ચાલી નીકળ્યો.

અચાનક જગુને બેલી યાદ આવી.

બેલી યાદ આવતાં જ જગુ પાછો ફર્યો.

પાછા ફરતા જગુને તેના મમ્મી-પપ્પાએ વાર્યો. પરંતુ ત્યાંસુધીમાં તો ઘરની પાછળના વાડામાં પહોંચી ગયો.

વાડામાં અડધે સુધી પાણી ભરાઈ ગયું હતું.. બેલી તો જાણે પાણીમાં તરવા માંડી.

જગુને કમર સુધી પાણી પહોંચી ગયું હતું.

જગુએ જીવના જોખમે બેલીને ખીલેથી છોડાવી અને પોતાની સાથે લઈ જવા લાગ્યો.

જગુના મમ્મી-પપ્પા પણ જગુની ચિંતાના કારણે તેને લેવા પાછા ફરતા હતા.

પરંતુ બેલીને સાથે લઈને આવતા જગુનો પગ એક ખાડામાં પડ્યો. ચારે બાજુ પાણી ભરેલું હોવાથી કંઈ દેખાતું ન હતું.

જગુના હાથમાંથી બેલીની દોરી છૂટી ગઈ અને પાણીમાં ગબડી પડ્યો. બેલીએ આ દશ્ય જોયું.

જરાપણ સમય બગાડ્યા વગર બેલીએ પોતાના આગળના પગ લંબાવીને જગુને ઊભા થવા માટે સમજાવ્યું.

જગુએ બેલીના પગ પકડી લીધા અને તે ઊભો થઈ શક્યો. માંડમાંડ કરીને બંને બહાર નીકળી શક્યા.

જગુના મમ્મી - પપ્પાને હાશ થઈ.

આજે જગુના કારણે બેલી અને બેલીના કારણે જગુ બચી ગયા.

■ ■ ■ ■ ■



# ૪. રાહીનું સ્વપ્ન

દરિયાકાંઠે એક હરોળમાં ઘણાં માછીમારોનાં ઘર હતાં.

તેમાં એક ઘર માચી માછણનું પણ હતું.

તેનો એકનો એક દીકરો. નામ તેનું રાહી. માચી માછલી પકડતી અને શહેરમાં જઈને વેચી આવતી. આ રીતે મા-દીકરાનું ગુજરાન ચાલતું.

છેલ્લા થોડા સમયથી માચીની તબિયત નરમ-ગરમ રહેતી હતી. તેથી તેની સંગાથે રાહી પણ માછલી પકડતા ધીમે ધીમે શીખી રહ્યો હતો.

પરંતુ રાહીને નાની નાની માછલીઓ પકડવામાં બિલકુલ મજા ન આવે. તેથી તે પોતાની માને પૂછતો :

'મા તું હંમેશા કેમ નાની માછલીઓ જ પકડે છે ?'

'બેટા, મોટી માછલી પકડવા માટે દરિયામાં દૂર દૂર સુધી જવું પડે.' માચીએ સમજાવ્યું.

'હું એક દિવસ જરૂર મોટી માછલી પકડી લાવીશ.' રાહી દૃઢતાપૂર્વક બોલ્યો.

પોતાના દીકરાની આ વાત સાંભળીને માચી ઘણી ઉદાસ થઈ જતી, પરંતુ કંઈ બોલતી નહીં.

જ્યારે રાહી માચી સાથે માછલી વેચવા માટે શહેરમાં જતો, ત્યારે જોતો કે બીજા માછીમારોએ પોતાની મા કરતાં ઓછી માછલીઓ પકડી હોવા છતાં તેના વધારે પૈસા ઊપજતા! જેમ માછલી મોટી તેમ તેની કિંમત પણ વધારે !

આ જોઈને રાહીને બહુ દુઃખ થતું અને તે મનમાં ગાંઠ વાળતો કે એક દિવસ પોતે જરૂર મોટી માછલી પકડશે.

પરંતુ મોટી માછલી પકડવા માટે તો જાળ પણ મોટી જોઈએ અને તેની મા પાસે નવી જાળ લેવા જેટલા પૈસા પણ ન હતા.

એક દિવસ તે ઉદાસ થઈને બેઠો હતો ત્યારે તેની માએ



પૂછ્યું:

'કેમ ચૂપચાપ બેઠો છે ?'

'મા, મારે મોટી જાળ જોઈએ છે.'

'તેનું શું કરીશ ?'

'હું દરિયામાં દૂર જઈને જાળ નાખીશ, પછી તેમાં એક મોટી માછલી.....' વાક્ય પૂર્ણ કરે ત્યાં જ માચીએ રાહીના ગાલ પર સટાક કરતો તમાચો ચોઢી દીધો.

રાહી રડી પડ્યો.

માચી પણ રડવા લાગી.

રાહીને સમજાતું ન હતું કે જ્યારે તે દરિયામાં દૂર જવાની વાત કરતો ત્યારે તેની મા ઉદાસ થઈ જતી. અને આજે તો તમાચો મારી દીધો. તેને બહુ દુઃખ થયું.

રાહીએ આ વાત તેનાથી થોડા મોટા એવા તેના મિત્ર ભૂરિયાને કહી. ત્યારે ભૂરિયાએ કહ્યું :

'મેં એવું સાંભળ્યું છે કે, તારા બાપુ એક દિવસ મોટી માછલી પકડવા દરિયામાં દૂર સુધી ગયા હતા. પણ આજ સુધી પાછા આવ્યા જ નથી.'

'હં.... હવે મને સમજાયું. હું ફરીથી આવી વાત ક્યારેય કરીશ જ નહીં.' રાહી મોટા માણસની અદાથી બોલ્યો.

'તો હવે તું મોટી માછલી પકડવા નહીં જાય ?' ભૂરિયાએ આશ્ચર્યથી પૂછ્યું.

'તું સમજ્યો નહિ. હું જઈશ તો ખરો, પણ આવી વાત નહી કરું.'

'પણ તું મોટી જાળ લાવીશ ક્યાંથી ?'

'હું વાયર ભેગા કરીને એક જાળ બનાવીશ.' કહેતાં કહ્યું. 'તું મને મદદ કરીશ ?'

'ભલે હું તને મદદ કરીશ.

રાહી ખુશ થઈ ગયો.'

બંને મિત્રો ધીમે ધીમે જાળ બનાવવા લાગ્યા.

જેમ જેમ જાળમાં ગાંઠ વાગતી ગઈ તેમ તેમ રાહીના મનમાં પણ વિશ્વાસની ગાંઠ વાગતી ગઈ.

આમને આમ વર્ષો વીતવા લાગ્યા.

માચીની તબિયત વધારેને વધારે બગડવા લાગી હતી.

એક વખત એવું બન્યું કે બે દિવસ સુધી માચી પથારીમાંથી ઊભી ન થઈ શકી. ઘરમાં ખાવાનાં પણ ફાંફા પડવાં લાગ્યાં. તેથી માચીએ રાહીને દરિયામાં જઈ થોડી માછલીઓ પકડી લાવવા જણાવ્યું.

રાહી આવી કોઈ તકની જ રાહ જોતો બેઠો હતો.



તે તરત જ ભુરિયાના ઘરે પહોંચી ગયો. ત્યાંથી તેણે પોતે બનાવેલી જાળ લીધી અને હોડી લઈને ઉપડી ગયો દરિયામાં.

રાહીએ દરિયામાં હોડી તરતી મૂકી.

તેણે ક્યારેય આટલો વિશાળ દરિયો જોયો જ ન હતો. તે ખુશ થઈ ગયો.

દરિયાની વચોવચ જઈને તેણે જાળ નાખી. અને મોટી માછલી પકડાય તેની રાહ જોવા લાગ્યો.

સાંજ પડી ગઈ હતી.

રાહી ઘરે પહોંચ્યો ન હતો.

માચીને ચિંતા થવા લાગી. તેનું મન વિચારે ચઢ્યું હતું, તેના બાપુની જેમ તે પણ આજે મને છેતરીને દરિયામાં જતો જ રહ્યો. મારે તેને જવા દેવાની જ જરૂર ન હતી.

આમ, ચિંતા કરતી તે બાજુમાં રહેતા માછીમારના ઘરે પહોંચે છે અને તેની મદદ માંગે છે. પણ માછીમાર તેને કંઈ મદદ કરી શકે  તેમ ન હતા.

માચી પાગલની જેમ દોડતી દરિયાકાંઠે બેસી પડે છે અને પોતાના દીકરાની રાહ જોવા લાગે છે.

આજે પવન પણ ખૂબ જોશથી ફૂંકાતો હતો. દરિયાના મોજા ઊંચા ઊછળીને પાછા નીચે પછડાતા હતા. પાણીનો

જાણે સફેદ ભૂકો થઈ જતો હોય એવું લાગતું હતું. મોટી મોટી હોડીઓને પણ આવો પવન ઊંધી વાળી શકે એમ હોય ત્યાં રાહીની નાનકડી હોડીની શી વિશાત ?

માચી તો દૂર દૂર સુધી નજર પહોંચે ત્યાં આંખો ખેંચી ખેંચીને જોવા પ્રયત્ન કરતી હતી. પણ દૂર દૂર સુધી પાણી સિવાય બીજું કંઈ જ દેખાતું ન હતું.

અચાનક પાણીની એક મોટી છાલક વાગી અને માચી ત્યાં જ ઢળી પડી.

માચીને લાગ્યું કે તેને કોઈ ઉઠાડી રહ્યું છે. તેણે આંખો ખોલવા પ્રયત્ન કર્યો પણ સૂર્યના પ્રકાશને કારણે તેને થોડી તકલીફ પડી, માચીએ જોયું કે તેને જગાડનાર ભૂરિયો હતો.

ભૂરિયો હાથ લંબાવીને માચીને કંઈક બતાવી રહ્યો હતો. માચીને હવે સમજાયું કે બીજા દિવસની બપોર થઈ ગઈ હતી અને હજુ પણ તેનો દીકરો પાછો આવ્યો ન હતો.

માચીએ દરિયામાં દૂર નજર કરી તો એક હોડી દેખાતી હતી અને હોડી પર રાહી જેવું કોઈ દેખાતું હતું.

માચી ઉભી થઈને દરિયાના પાણીમાં આગળ જવા લાગી પણ ભૂરિયાએ તેને પકડી રાખી.

દૂર દેખાતી હોડી ધીમે ધીમે નજીક આવવા લાગી. માચી ઓળખી ગઈ એ હોડી રાહીની જ હતી. હોડીમાં રાહીને જોઈને



માચીના જીવમાં જીવ આવ્યો.

હોડીને કિનારે લાંગરી રાહી દોડીને માચીને વળગી પડ્યો અને કહેલા લાગ્યો : ‘મા મને માફ કરી દે. હું તને જણાવ્યા વગર માછલી પકડવા દૂર પહોંચી ગયો હતો. પણ હવે તારે ક્યારેય માછલી પકડવી નહિ પડે.’

રાહીની વાત સાંભળી માચીને નવાઈ લાગી. તેણે પોતાના દીકરાને આશ્ચર્યથી કહ્યું : ‘માછીમાર માછલી પકડવાનું છોડી દે તો બીજું કોણ પકડે ? આ તો આપણી ખેતી કહેવાય.’

‘પણ તુ એક વખત જો તો ખરી કે આજે મેં કેવડી મોટી માછલી પકડી છે !’ એમ કહી રાહીએ પોતે પકડી લાવેલ મોટી માછલી માચીને બતાવી.

રાહી મોટી માછલી પકડી લાવ્યો તેના કરતા તે પાછો ઘરે આવી ગયો તેનો માચીને ખૂબ આનંદ હતો.

રાહીએ શહેરમાં જઈ માછલી વેચી.

માછલીની એટલી કિંમત ઊપજી કે માચી અને રાહીની કાયમી ગરીબી દૂર થઈ ગઈ.

■ ■ ■ ■ ■

# ૫. મૂર્ખ ગધેડાનું ડહાપણ

અમીરચંદ નામનો એક મોટો વેપારી હતો. નામ પ્રમાણે જ તે પૈસે ટકે ખૂબ ધનવાન. તેનો વેપાર દેશ - વિદેશમાં દૂર દૂર સુધી ફેલાયેલો હતો.

તેણે પોતાના વેપાર માટે એક કૂતરું, ગધેડું અને હાથી પાળ્યા હતા.

તે થોડો ખટપટીયા સ્વભાવનો અને શંકાશીલ હતો.

તેથી ગામલોકોએ તેનું નામ શંકાચંદ પાડી દીધું હતું.



શંકાચંદ માણસો પર તો શંકા કરતો પરંતુ પ્રાણીઓ પર પણ તેને વિશ્વાસ ન હતો. પ્રાણીઓને કામ સોંપીને પોતે પાછળથી તપાસ કરતો.

એક કારખાનું પણ હતું. માટીમાંથી સુંદર રમકડાં બનાવવાનું અને તે વિદેશમાં મોકલવામાં આવતા. તેથી માટીનો ભાર ઉંચકવા જ ગધેડો રાખેલો. ખર્ચ ઓછો લાગે અને ઘણા વર્ષોથી તે શેઠને ત્યાં ટકી રહ્યો હતો.

ઘરમાં પૈસા વધારે હોવાના કારણે શંકાચંદને ચોરની બીક રહેતી. તેથી ચોકી કરવાનું કામ કૂતરાને સોંપ્યું હતું.

વધારે પડતા લોભના કારણે શંકાચંદ હાથી અને ગધેડાને આખો દિવસ કામ કરાવ્યા કરે. આરામ કરવાનો પણ સમય ન આપે.

ભારે શરીરના કારણે હાથીને થાક બહુ લાગે.

“કેમ હાથીભાઈ. આજે નરમ ઘેંસ જેવા થઈને પડ્યા છો. ?” કૂતરાએ હાથીને ચિંતિત સ્વરે પૂછ્યું.

તને શું ખબર પડે ? કામ કરીએ તો કેવો થાક લાગે ? તારે તો આખો દિવસ ઘરના આંગણે આંખો બંધ કરીને સૂતા રહેવાનું ! ગધેડો દાઢમાં બોલ્યો.

ગધેડાને કૂતરાની બહુ ઈર્ષા થતી. તે હંમેશા કૂતરાને

મારી નાખવાની અથવા તો તેને આ ઘરમાંથી કાઢી નાખવાની તક શોધતો.

એક દિવસ તેને આવી તક મળી ગઈ. શંકાચંદના ઘરની પાછળના વાડામાં એક કૂવો હતો. આજુબાજુની કોઈ કોઈ સ્ત્રી કૂવામાં પાણી ભરવા આવતી.

શંકાચંદને આ વાતની ખબર પડી. તેના મનમાં શંકાનો કીડો સળવળ્યો. તેને થયું કે કોઈ સ્ત્રી પાણી ભરવાના બહાને કૂવામાં ઝેર નાખી જાય તો !

એમ વિચારીને શંકાચંદે કૂવો ઢાંકી દીધો. તેના ઉપર લીલા પાંદડા અને ઘાસ પાથરી દીધું.

આ વાતની જાણ કૂતરાને હતી નહિ. દૂરથી કૂતરાએ લીલું ઘાસ જોયું અને તે તેના ઉપર બેસવા માટે આગળ ગયો.

ગધેડાને આ વાતની ખબર હતી. પરંતુ તેણે કૂતરાને રોકવાને બદલે દૂર ઊભીને જોવા લાગ્યો.

જેવો કૂતરો ઘાસ ઉપર બેસવા ગયો એવો જ હાથીએ પોતાની સૂંઢથી કૂતરાને ખેંચી લીધો.

હાથીને લીધે આજે કૂતરાનો જીવ બચી ગયો. નહિતર કૂતરાના આજે રામ રમી જાત.

ગધેડાને હાથી પર ખીજ ચડી. તેણે મનોમન વિચાર્યું.



"લાગે છે કે આ હાથીડાને પણ આ ઘરમાંથી કાઢવો પડશે."

એક દિવસ શંકાચંદે હાથીને જાડા અને લાંબાં લાકડાં એક શહેરમાંથી બીજા શહેરમાં લઈ જવાનું કામ સોંપ્યું.

હાથી તો લાકડાં જોઈને જ હિંમત હારી ગયો. ગધેડાએ સલાહ આપતાં કહ્યું. 'એક દિવસ શેઠે મને મીઠાની ગુણ નદીની પેલે પાર લઈ જવાનું કામ સોંપ્યું. મેં એક યુક્તિ કરી. વજનવાળી ગુણ ઊંચકવી ન પડે એટલા માટે નદીની વચમાં જઈને હું બેસી જતો અને મીઠું પાણીમાં ઓગળી જતું. મારે વધારે વજન ઊંચકવું પણ ન પડતું.'

પછી શેઠે તને પાઠ ભણાવવા એક વખત રૂની ગુણ મૂકી હતી એ યાદ છે કે નહિ ! પછી શેઠના ડફણા પણ ખાવા પડ્યા હતાં! કૂતરાએ ગધેડાની પોલ છતી કરી.

પોતાનો બચાવ કરતાં ગધેડાએ કહ્યું કે એ તો એક વખત ભૂલ થઈ ગઈ હતી. બાકી મારી ચાલાકીના તો શેઠે પણ વખાણ કર્યા હતાં.

'જો જો હાથીભાઈ, ક્યારેય આ મૂર્ખ ગધેડાની વાતોમાં આવતા નહિ. નહિતર જીવથી હાથ ધોવા પડશે.'

પણ ભોળા હાથીના મનમાં તો ગધેડાની ચાલાકીની

વાત ભરાઈ ગઈ હતી.

હાથીએ લાકડાં લઈ જવા માટે યુક્તિ વિચારી તેને ઉપાય મળી ગયો.

લાકડાં ઊંચકવાના બદલે હાથીએ જયાં ઢાળ આવે ત્યાં લાકડાં ગબડાવવાનું શરૂ કર્યું.

આમ કરવાથી હાથીનું કામ થોડું સરળ થઈ ગયું.

હાથીએ મનમાં ને મનમાં ગધેડાનો આભાર માન્યો.

જયારે કૂતરાએ આ વાત જાણી ત્યારે તેને બહુ દુઃખ થયું.

હવે મારે એક કાંકરે બે પક્ષી મરે એવું કંઈક કરવું જ પડશે.

એક દિવસ શંકાચંદે મોટા મોટા પીપ બાજુના શહેરમાં લઈ જવાનું કામ ગધેડાને સોંપ્યું. પીપમાં ગુંદર જેવું ચીકણું પ્રવાહી ભરેલું હતું.

થોડા આંટાફેરા કર્યા એટલી વારમાં ગધેડો થાકીને લોથપોથ થઈ ગયો.

કૂતરાને થયું ગધેડાને પાઠ ભણાવવાનો સારો સમય છે.

કૂતરો ગધેડા પાસે પહોંચી ગયો. 'ગધા ભાઈ તમે તો



બહુ ચાલાક છો. તો પછી હાથીભાઈ જેવી યુક્તિ કેમ નથી અજમાવતા. એમ કહીને કૂતરો ત્યાંથી જતો રહ્યો.'

ગધેડાએ વિચાર્યું, કૂતરાની વાત તો સાચી છે. પણ કૂતરા સામે મોં બગાડતા તે ત્યાંથી જતો રહ્યો.

બીજા દિવસે ગધેડો પીપ પીઠ ઉપર લઈને ચાલ્યો. અધવચ્ચે જઈને ઢાળવાળો રસ્તો આવતા ગધેડાએ પીપ ગબડાવવાનું શરૂ કર્યું.

ગબડતાં ગબડતાં પીપનું ઢાંકણ ખુલી ગયું. રસ્તા ઉપર ચીકણું પ્રવાહી ઢોળાઈ ગયું.

હવે ગધેડાને ચિંતા થવા લાગી. જો શેઠને આ વાતની ખબર પડે તો તેનું આવી જ બને.

એમ વિચારી તે પ્રવાહી ભેગું કરવા લાગ્યો. પણ જયાં પ્રવાહીમાં પગ પડ્યો. એ સાથે જ તેના પગ જમીન સાથે ચોંટી ગયા. ના હલી શકાય કે ન ચાલી શકાય.

અંધારું થઈ ગયું હતું.

હજુ ગધેડો ઘેર આવ્યો ન હતો તેથી શંકાચંદ કૂતરાને લઈને તેને શોધવા નીકળ્યો.

દૂરથી શેઠે જોયું તો રસ્તા પર સફેદ સફેદ કંઈ ઢોળાયું હતું અને ગધેડો તેની વચમાં ઊભો હતો.

આ જોતા જ શંકાચંદ લાલ પીળો થઈ ગયો. ગધેડાની નજીક જઈને બે-ચાર ડફણાં ફટકારી દીધાં. નાલાયક તારા લીધે મારે આજે કેટલું મોટું નુકશાન થયું છે. તારાથી કામ થઈ શકે તેમ ન હોય તો મારે તારી જરૂર નથી. આજથી મારા ઘરના દરવાજા તારા માટે બંધ.

આ સાંભળીને ગધેડાને લાગ્યું કે બીજાને મુશ્કેલીમાં મૂકવા જતા આજે પોતે જ મુશ્કેલીમાં મૂકાઈ ગયો છે.

દૂરથી હાથીએ આ જોયું. તેને થયું કે મૂર્ખની વાત ક્યારેય માનવી ન જોઈએ અને કામચોરી પણ ન કરવી જોઈએ.

■ ■ ■ ■ ■



## ૬. જ્યોતિષી કાગડાભાઈ

આસોપાલવના ઝાડ ઉપર એક કાગડો અને કાગડી રહે.

બંને ભારે આળસુ.

માળો બાંધવો ન પડે એટલા માટે ઘટાદાર પાંદડાઓ વચ્ચે ભરાઈ રહે.

કાગડાને અનાજ - પાણી લાવવાનું ન ગમે અને કાગડીને રાંધવાનું ન ગમે.

તેથી રસોઈનું ટાણું થાય એટલે બંને પહોંચી જાય આજુબાજુ રહેતા પડોશીઓના માળામાં.

પહેલાં બધાં જમવા માટે આગ્રહ કરતાં. પછી કાગડા અને કાગડીનો સ્વભાવ જાણી ગયેલા પક્ષીઓએ તેમને આગ્રહ કરવાનો બંધ કરી દીધો.

હવે બંનેને તકલીફ પડવા લાગી. એક દિવસ કાગડાએ કાગડીને કહ્યું.

'મને લાગે છે કે હવે આપણે ઘર બદલવું જોઈએ.'

'ઘર બદલવાથી કંઈ ન વળે. તમે કોઈ એવી તરકીબ શોધી કાઢો કે ઘર પણ ન બદલવું અને પંખીઓ સામેથી જમવાનું આપી જાય.' કાગડી કાગડાને ધમકાવતાં બોલી.

'તું મને બે દિવસનો સમય આપ. હું કંઈક ઉપાય શોધું છું.' પૂંછડી ઊંચી નીચી કરતો કાગડો બોલ્યો.

એ દરમિયાન કાગડાનો ભાઈબંધ શહેરમાંથી તેના ઘરે રોકાવા આવ્યો હતો.

કાગડાએ તેને પોતાની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું : 'દોસ્ત તારા ધ્યાનમાં કોઈ ધંધો હોય તો બતાવ.'

'ધંધા તો ઘણા બધા છે. પણ તારે લાયક હોય.....



હા, તું જ્યોતિષનો ધંધો કેમ શરૂ નથી કરતો ? 'કાગડાને સલાહ આપતા તેનો મિત્ર બોલ્યો.

'જ્યોતિષ નો ધંધો ? ? ? એ વળી શું ?'

'તને આ વિશે કંઈ ખબર જ નથી ? શહેરમાં તો આ ધંધો બહુ ફૂલ્યો - ફાલ્યો છે.'

કાગડાને પોતાની અજ્ઞાનતા પર બહુ શરમ આવી. છતાં તેણે મિત્રને પૂછી લીધું.

'તું મને એ શીખવી ન શકે ?'

'હા, હા કેમ નહીં. મિત્રએ ઉત્સાહથી જવાબ આપ્યો.'

અઠવાડિયામાં કાગડાના મિત્રએ તેને બધું શીખવી દીધું. પછી તે શહેરમાં પાછો જતો રહ્યો.

બીજા દિવસે સવારે આજુબાજુમાં રહેતા પક્ષીઓએ જોયું કે આસોપાલવના ઝાડ ઉપર એક પાટિયું લટકતું હતું.

તેના પર લખ્યું હતું. 'કાગ જોશી કાગ, ચણ લઈને આવ.'

આ પાટિયું જોઈને ચકલી કાબર સામે જુએ છે.

કાબર લીલા પોપટ સામે જુએ છે.

લીલો પોપટ સફેદ કબૂતર સામે જુએ છે.

સફેદ કબૂતર નાના બુલબુલ સામે જુએ છે.

બધા એકબીજાની સામે જુએ પણ કોઈને કંઈ સમજાતું નથી.

બધા કાગડાનો સ્વભાવ જાણતા હોવાથી કોઈ તેના ઘરે પૂછવા ન ગયું.

કબૂતર કહે. 'બધા કામે વળગો. જે હશે તે વાજતું ગાજતું માંડવે આવશે.'

સાચી વાત છે. એમ કહી બધા પોતપોતાના કામે વળગ્યા.

ચકીબેન રોટલા ઘડવા બેઠાં.

કાગડો આસોપાલવની ટગલી ડાળે બેઠો તેણે કપાળે રાખથી  આડા ત્રણ લીટા તાણ્યા. ગળામાં બોરના ઠળીયાની બનાવેલી માળા પહેરી. નાળિયેરની કાચલીમાં પાણી ભરી પગ પાસે મૂક્યું.

પછી કાગડાએ મોટેમોટેથી બોલવાનું શરૂ કર્યું.

ચકી ઘડે રોટલા.

કહી દે આ જોશીડા'.



પોતાના નામની બૂમ સાંભળી ચકી બહાર આવી.

ચકીને જોઈને કાગડાએ ગળામાંથી માળા કાઢી. હાથમાં ફેરવવા લાગ્યો અને બોલ્યો : 'ચકી બેઠી પાટ, રોટલા કર્યા સાત, કહો સાચુ કે ખોટું ? '

આ સાંભળીને ચકી માળામાં ગઈ. થોડીવારમાં તરત બહાર આવી અને કાગડાના પગમાં પડી કહેવા લાગી :

'કાગડાભાઈ તમને કેવી રીતે ખબર પડી ?'

'અમે છીએ બાહોશ, જોઈએ બધાના જોશ.' કાગડાએ મસ્તીથી કહ્યું.

આમ કાગડો ઘરે બેઠા બધાનું ભવિષ્ય કહેવા લાગ્યો. ધીમે ધીમે તેની ખ્યાતિ આખા જંગલમાં ફેલાવા લાગી.

પક્ષીઓ જોશ જોવડાવવા આવે અને અનાજના દાણા લઈ આવે.

કાગ જોશી બધામાં જાણીતા થઈ ગયા. કાગડા અને કાગડીને ઘરે બેઠા ગંગા આવી.

જંગલમાં આ વાત પીલુ પોપટે જાણી. તે રાજાના બગીચામાં કામ કરતો હતો.

પીલુને ખબર હતી કે આ કાગડો એક નંબરનો ઠગ છે.

બધા પક્ષીઓને છેતરે છે. તેનું કંઈક કરવું પડશે.

પીલુ તક શોધતો હતો.

એક દિવસ પીલુને તક મળી ગઈ. પીલુ જ્યાં રાજાના દરબારમાં કામ કરતો હતો. તે રાજાની રાજકુંવરની નાકની નથડી ખોવાઈ ગઈ.

કુંવરીબા તો રડવા લાગ્યાં.

રાજાએ બીજી નથડી લાવવા સૈનિકોને હુકમ કર્યો. કુંવરીબા વધારે રડવા લાગ્યા.

રાણીએ પોતાની નથડી આપી. કુંવરીબા વધારે જોરથી રડવા લાગ્યાં.

રાજાએ બધે તપાસ કરાવી. પણ કંઈ મેળ ન પડ્યો.

રાજાએ જાહેરાત કરાવી કે જે કુંવરીની નથડી શોધી આપશે તેને સોનામહોર આપવામાં આવશે.

પીલુએ આ વાત કાગ જોશીને કહી.

કાગડો કહે. 'હું આમાં શું કરી શકું ?'

તમે રહ્યા બાહોશ જોશ. તમે તો પળવારમાં કહી શકો કે કુંવરીબાની નથડી કયાં છે ?' પીલુએ કાગડાના વખાણ કરતા કહ્યું.



'પણ..... હું......'

'પણ ને બણ શું કરો છો ?' હાથમાં આવેલી આવી તક મૂર્ખ હોય તે જ જવા દે.' કાગડાને બોલતો અટકાવી કાગડીએ ઘાંટો પાડ્યો.

કાગડાને પણ મનમાં લોભ જાગ્યો હતો.

કાગડાને લઈને પીલુ રાજમહેલમાં આવ્યો.

પીલુએ રાજાને કાગ જોશીની વાત કરી.

વાત સાંભળીને રાજા ખુશ થઈ ગયો.

સાથે સાથે રાજાએ કાગડાને ચેતવણી આપતાં કહ્યું કે જો વાત ખોટી પડી તો તને જમીનમાં દાટી દેવામાં આવશે.

હવે કાગડો મૂંઝાયો. કાગ જોશી જેવું તો કંઈ હતું જ નહિ ખરેખર તો તે ઠગ જોશી જ હતો.

કાગડો ઘડીમાં પીલુ સામે જુએ.

ઘડીમાં રાજા સામે જુએ.

તો ઘડીમા ખુલ્લી તલવારે ઊભેલા સૈનિકો સામે જુએ.

રાજાએ કહ્યું : 'તમારા જોશ જોવાના શરૂ કરો.'

'હા, હા શરૂ કરો. સૈનિકોએ સૂર પૂરાવ્યો.'

'હા, હા, નિરાંતે જોશ જુઓ.' પીલુ આંખો નચાવતા બોલ્યો.

પણ કાગડો કંઈ બોલતો નથી. બિચારો બોલી શકતો નથી.

'તને આવતીકાલ સુધીનો સમય આપવામાં આવે છે. કહી રાજા મહેલમાં ચાલ્યા ગયા.'

કાગડાને હવે મોત સામે દેખાવા લાગ્યું. કાગડાએ પીલુને બધી વાત કરી. અને મદદ માટે આજીજી કરી.

'આ તો હાથનાં કર્યા હૈયે વાગ્યાં. અત્યાર સુધીમાં તે ભોળા પક્ષીઓને છેતરીને ઘણું અન્ન ભેગું કર્યું છે. હવે સોનામહોર મેળવ.' પીલુ હસતાં બોલ્યો.

'મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. હું જંગલ છોડીને જતો રહીશ. પણ મારો જીવ બચાવો.' કાગડો કરગરતાં બોલ્યો.

પીલુને કાગડાની દયા આવી ગઈ. તેણે કહ્યું : 'તું અત્યારે જ જંગલ છોડી જતો રહે. અહીંની ચિંતા ન કર.'

બીજા દિવસે સવારે પીલુએ રાજાના હાથમાં કુંવરી બાની નથડી મૂકતાં કહ્યું : 'મહારાજ, કાગ, જોશી એ મને આ નથડી આપવા જણાવ્યું છે.'



રાજાને નવાઈ લાગી. તેમણે પૂછયું : 'કાગ જોશી ઈનામ લેવા કેમ ન આવ્યા ?'

'કાગ જોશીએ કહ્યું છે કે તેનું ઈનામ ગરીબોને આપી દેજો.'

આ સાંભળીને રાજાને કાગડા માટે માન થયું.

પીલુએ જંગલમાં જઈને જોયું તો આસોપાલવના ઝાડ ઉપર ન તો કયાંય માળો હતો કે ન હતું કયાંય કાગ જોશીના નામનું પાટિયું.

■ ■ ■ ■ ■

# ૭. સાચો ધર્મ

એક સરસ મોટું જંગલ હતું.

જંગલમાં જાતજાતના પ્રાણીઓ અને ભાતભાતના પક્ષીઓ રહે.

જંગલમાં ખળખળ કરતી એક નદી વહી જાય.

આ નદી પાસે એક બખોલ હતી.

બખોલમાં સસલો, સસલી અને તેના નાના - નાના બે બચ્ચાં રહે.



બચ્ચાં તો એવાં ધોળા - ધોળા રૂ ની પોલ જેવા કે એકવાર જોઈએ તો જોતા જ રહી જાય. ગેલ કરતા હોય ત્યારે તો ખૂબ વહાલા લાગે.

સવાર પડતાં સસલો ખોરાકની શોધમાં નીકળી પડે. સસલી બખોલ ચોખ્ખી કરે અને બચ્ચાને સંભાળે.

બંને બચ્ચાં પણ એવા કહ્યાગરાં કે મા ને પૂછયા વગર કયાંય દૂર ન જાય.

એક દિવસ આ જંગલમાં એક શિકારી આવ્યો. તેની સાથે તેનો દીકરો પણ હતો.

શિકારીને થયું કે જો તેનો દીકરો તેની સાથે આવે તો શિકાર કરતાં શીખે.

એક ઝાડ ઉપર બે કબૂતર બેઠાં હતાં. શિકારીએ સનનન કરતું તીર છોડયું અને એક કબૂતર પાંખો ફફડાવતું નીચે પડ્યું.

શિકારીએ તીર - કામઠું તેના દીકરાને આપ્યું. અને તીર છોડવા માટે જણાવ્યું.

પરંતુ દીકરો હજુ નાનો હોવાથી તેણે ક્યારેય તીર છોડ્યું ન હોવાથી તે નિશાન ચૂકી ગયો અને બીજું કબૂતર ઊડી ગયું.

સસલાના બચ્ચાએ આ જોયું. બંને બચ્ચાં તો ગભરાઈ જ ગયાં.

તે ઝડપથી દોડીને બખોલમાં ભરાઈ ગયાં.

તેની મા એ આમ કરવાનું કારણ પૂછયું તો બંનેમાંથી એકેય કંઈ બોલી શક્યા નહિ.

સસલીએ જોયું તો બખોલની બહાર પથ્થર પર એક ચિબરી બોલતી હતી. સસલીને પણ બીક લાગી.

સસલી પણ બચ્ચા સાથે બખોલમાં ભરાઈ ગઈ.

આ બાજુ દીકરાને તરસ લાગી હોવાથી શિકારી અને તેનો દિકરો નદીએ પાણી પીવા માટે આવ્યા.

પાણી પીને બંને નદી કાંઠે આરામ કરવા બેઠા.

સસલીનું નાનું બચ્ચું કહે, 'મા મને તરસ લાગી છે પણ બહાર જતાં મને બીક લાગે છે. '

બીક તો સસલીને પણ લાગતી હતી. છતાં ગભરાતાં ગભરાતાં તે બખોલની બહાર નીકળી.

શિકારીના દીકરાએ પાણી ભરતી સસલીને જોઈ. તેની લાલ-લાલ ચમકતી ગોળમટોળ આંખો બહુ ગમી ગઈ.

તેણે શિકારીને કહ્યું : 'બાપુ, મને આ સસલી પકડી આપો. મારે તેની લાલ લાલ આંખો લખોટી બનાવવા જોઈએ છે.'

દીકરાની ઈચ્છા શિકારી કઈ રીતે ટાળી શકે ?



શિકારી ઊભો થયો અને તેણે પાણી ભરતી સસલીને ઝડપથી પકડી લીધી.

સસલીના હાથમાંથી પાણીનો ઘડો પડી ગયો અને ફૂટી ગયો.

શિકારીએ સસલીને પોતાની સાથે લાવેલા પાંજરામાં પૂરી દીધી.

સસલી કરગરતાં બોલી : 'મને જવા દો. મારાં બચ્ચાં મારી રાહ જોતાં હશે.'

'કેવાં બચ્ચા અને કેવી વાત ? મારા દિકરા ને ગમ્યું તે ખરું' શિકારીએ ઉધ્ધતાઈથી જવાબ આપ્યો.

બપોર થતાં સસલો ઘરે આવ્યો. રોજ તો સામે આવતી સસલી ક્યાંય દેખાતી ન હતી. બખોલમાં જઈને જોયું તો બચ્ચાં ખૂણામાં ભરાઈને બેઠાં હતાં.

સસલાને જોતાં બચ્ચાં તેને બાઝી પડ્યા. તેને તેની મા વિશે કંઈ ખબર ન હતી.

સસલો વ્યાકુળ બનતા સસલીને શોધવા નીકળી પડ્યો. આકાશમા સૂર્ય માથે આવી ગયો હતો. છતાં પોતાની પત્ની હજુ ઘરે આવી ન હતી. તેથી સસલાને બહુ ચિંતા થવા લાગી.

નદી કાંઠે જઈને જોયું તો તેની પત્ની પાંજરામાં પુરાયેલી હતી. સસલો ઝડપથી તેની પાસે પહોંચી ગયો.

સસલાને જોઈને સસલી ખુશ થઈ ગઈ.

સસલીને પાંજરામાં જોઈને સસલાને દુઃખ થયું.

સસલાને દુઃખી જોઈને સસલી બોલી : 'તમે આમ દુઃખી ન થાઓ. મને જે શિકારીએ પકડી છે તે જો તમારી પાસે આશરો લેવા આવે તો તેને મહેમાનની જેમ આવકારજો. તેની બીજી કોઈ ઈચ્છા હોય તો તે પણ પૂરી કરજો. આ જ આપણો ધર્મ છે.'

પોતાની પત્નીની વાત સાંભળી સસલાએ શિકારીને કહ્યું : 'મારી પત્નીના કહેવા પ્રમાણે હું તમારી શું મદદ કરી શકું ?'

શિકારીએ કહ્યું : 'અત્યારે તાપ બહુ પડે છે. મને અને મારા દિકરાને આરામ કરવો છે ક્યાંય છાંયડો હોય તો મને બતાવ.'

સસલો શિકારીને પોતાની બખોલની બાજુમાં એક ઘટાદાર વૃક્ષ હતું. ત્યાં લઈ ગયો. પછી સસલાએ કહ્યું : 'હવે હું તમારી શું મદદ કરી શકું ?'

'બપોર થઈ ગઈ હોવા છતાં આજે કંઈ ખાવાનું મળ્યું નથી. અમને બહુ ભૂખ લાગી છે.' શિકારી પેટ પર હાથ ફેરવતા બોલ્યો.



સસલો નિરાશ ચહેરે બોલ્યો : 'મને માફ કરજો. હું તમારી ભૂખ સંતોષી શકું તેમ નથી. મારી પત્ની ઘરે ન હોવાથી ઘરમાં રાંધેલું કાંઈ નથી.'

છતાં તમે મને રાંધીને તમારી ભૂખ ભાંગો. આમેય પત્ની વગરનું ઘર મારા માટે ઘર છે જ નહિ.

શિકારીને નજર સામે પોતાની પત્નીનો ભોળો ચહેરો આવ્યો. જાણે તે પોતાના પતિને કહેતી ન હોય કે ક્યારેય નિર્દોષ પશુઓનો શિકાર ન કરવો. આમ કરવાથી આપણે પાપમાં પડીએ.

શિકારીના હૃદયમાં દયાનું ઝરણું ફૂટયું. તેણે પાંજરાનો દરવાજો ખોલી નાખ્યો. અને શિકારી પોતાના પુત્રને લઈને ત્યાંથી ચાલતો થઈ ગયો.

સસલી દોડીને સસલાને બાઝી પડી. બંને એકબીજા સાથે ગેલ કરવા લાગ્યા. અને નાચતા કુદતા બખોલમાં પહોંચ્યા.

■ ■ ■ ■ ■

# ૮. પ્રામાણિક્તાનું ફળ

રઘુ તેના માતા-પિતાનું સૌથી મોટું સંતાન. તેના પછી તેનાથી  નાના બીજા ત્રણ ભાઈ - બહેન હતાં. રઘુના માતા-પિતા છૂટક મજૂરી કરતાં. પણ કેમેય કરીને ઘરનું પુરૂં થતું ન હતું. એક સાંધો ત્યાં તેર તૂટે એવી રઘુના ઘરની પરિસ્થિતિ હતી.

રઘુ પાંચ વર્ષનો હતો.

તેની બાજુમાં રહેતા વેજાકાકાનો વીરુ નિશાળે જતો હતો.

સામે રહેતી રમીલાને પણ પાટી-પેન, ચોપડીઓ લઈને નિશાળે આવતાં - જતાં રઘુ જોતો.



આ બધાને જોઈને રઘુને પણ નિશાળમાં જવાનું મન થતું.

એક દિવસ રઘુએ પોતાની માને કહ્યું : ‘‘મા મને નિશાળમાં મૂકી જાને.’’

‘દીકરા આપણા ગરીબના નસીબમાં વળી નિશાળ કેવી ?’ મા વાસણ ઘસતાં ઘસતાં બોલી.

‘પેલો વીરુ, રમીલા, રામુ એ બધા તો નિશાળે જાય છે. મને પણ મૂકી જાને. ’

‘દીકરા, એક તાવડી તેર આના માંગે. ખાલી નિશાળમાં મૂકી જવાથી શું વળે ? પછી નિશાળના ખર્ચા આપણને ન પોસાય.’

આમને આમ એક વર્ષ નીકળી ગયું.

રઘુ છ વર્ષનો થઈ ગયો.

એક દિવસ નિશાળની એક બેન નામ લખવા આવી. તેણે એક ચોપડો કાઢી રઘુની માને પૂછયું : ‘ઘરમાં કેટલાં બાળકો છે ? કેટલાં આંગણવાડીમાં જાય છે ? કેટલાં બાળકો નિશાળે જાય છે ?

બેનને આવા પ્રશ્નો પૂછતા જોઈને રઘુથી ન રહેવાયું. રઘુએ સીધું જ પૂછી લીધું, ‘હેં તમે મને નિશાળમાં લઈ જવા આવ્યા છો ?’

'હા, હું તારું નામ નિશાળમાં દાખલ કરવા જ આવી છું બેન મલકાતા ચહેરે બોલ્યાં.'

'બેન, એ ગરીબ છોકરાને ખોટા સપના ન દેખાડો. તું તો હમણાં હાલી જઈશ. પછી દિ'માં વીસ વાર મારે જવાબ દેવા પડશે. તારું કામ પૂરું થઈ ગયું હોય તો જા.'

'તમે રઘુને સરકારી નિશાળમાં કેમ મૂકતા નથી ? ખર્ચ પણ ન થાય અને જુદી-જુદી યોજનાના લાભ પણ મળે ?'

આ સાંભળીને રઘુના મનમાં નિશાળ જવાની ઈચ્છા પ્રબળ બની.

રઘુની મા ને તો હજુ પણ વિશ્વાસ આવતો ન હતો કે આવું પણ હોય.

બહેને જાતે બધી વિધી પૂરી કરીને રઘુને નિશાળમાં દાખલ કરાવ્યો.

રઘુને તો જાણે અલ્લાદીનનો ચિરાગ મળી ગયો.

નિશાળમાંથી પાટી, પેન, પુસ્તકો મેળવીને રઘુ તો ખુશ - ખુશ થઈ ગયો.

હવે રઘુ પણ વીરુ, રમીલા, રામુ સાથે નિશાળે જવા લાગ્યો.

અહિંયા સુધી તો બધું બરાબર ચાલતું હતું.



રઘુ જેમ જેમ નિશાળે જવા લાગ્યો તેમ નિશાળમાં બધાને ઓળખવા લાગ્યો. તેમાંથી કેટલાક છોકરાઓના ઘરની પરિસ્થિતિ સારી હતી. તેઓ રોજ જુદી જુદી જાતની પેન્સિલ, રબર, નોટબુકો લઈને આવતા. રઘુને પણ આવું બધુ લેવાનું મન થતું.

પરંતુ રઘુ સમજુ હતો. તેને ખબર હતી કે તેના માતા - પિતા મજૂરી કરતાં હતાં. તેથી કોઈ વસ્તુ લેવા ક્યારેય જીદ કરતો ન હતો.

પણ એક દિવસ બાજુમાં બેસતો છોકરો સરસ મજાની રંગીન પેન લાવ્યો હતો. રઘુએ જિજ્ઞાસાથી પેન જોવા હાથમાં લીધી. પેલા છોકરાએ સાહેબને ફરિયાદ કરી કે રઘુએ મારી પેન ચોરી લીધી.

બસ પછી તો પૂછવું જ શું ?

સાહેબે પૂછ્યા વગર રઘુને ધમકાવી કાઢ્યો.

રઘુને આ વાતથી બહુ દુઃખ થયું.

તેણે મનમાં નક્કી કરી લીધું કે એક દિવસ તે પણ આવી પેન લાવશે.

પણ પેન લાવવા માટે તો પૈસા જોઈએ. પૈસા લાવવા ક્યાંથી ?

રઘુએ મનોમન વિચાર્યું : 'હું કંઈક કામ કરું વળી પાછો એવો વિચાર આવ્યો કે કામ શું કરવું ?'

આઠેક વર્ષના છોકરાની આવડત કેટલી હોય ?

રઘુનું મન હવે સતત આ વિશે જ વિચારતું હતું.

રઘુ નિશાળે આવતા જતાં નિશાળની સામે બેઠેલા બૂટ - પોલિશ કરવાવાળાઓને રોજ જોતો. તેના કામનું ઝીણવટથી અવલોકન કરતો.

રઘુને થયું આ કામ મારાથી થશે.

રઘુ ઘરે ગયો અને અત્યાર સુધી એકેક રૂપિયો કરીને ભેગા કરેલા રૂપિયામાંથી તેણે પોલિશની ડબ્બી અને બ્રશ લીધા.

નિશાળ પૂરી થાય એટલે સામાન લઈને રઘુ ઉપડી જાય રેલવે સ્ટેશન. ત્યાં પગથિયાં પર બેસે. આવતા જતા લોકોને બૂટ-પોલીશ કરવા માટે પૂછે. તેમાંથી કોઈ પોલીશ કરાવેય ખરા.

ધીમે ધીમે રઘુ રેલ્વે સ્ટેશનની અંદર પ્લેટફોર્મ પર બેસવા લાગ્યો. આવતા જતા લોકો હવે રઘુને ઓળખવા લાગ્યા હતા.

સવારે નિશાળ જાય અને બપોર પછી કામમાં લાગી



જાય. પોતે જે કમાય તેમાંથી નાના ભાઈ - બહેન માટે કંઈક ખાવાનું લઈ જાય. બાકીના પૈસાની બચત કરે.

હવે તો રઘુના સામાનમાં પણ વધારો થયો હતો. કામમાં કુશળતા પણ આવી હતી.

બૂટ પોલીશ કરાવતા મુસાફરમાંથી રઘુની ધગશ જોઈને કોઈ કહેતા પણ ખરા : 'એક દિવસ તું જરૂર મોટો માણસ બનીશ.'

આ સાંભળીને રઘુ એકલો એકલો હસી લેતો અને પોતાને ઉદ્દેશીને કહેતો : 'બધાના બૂટ ચમકાવનાર રઘુનું નસીબ ક્યારે ચમકશે ? પૈસાથી મોટો માણસ બનીશ કે નહિ એ ખબર નથી પણ ઉંમરથી હું મોટો માણસ બની ગયો છું.'

રઘુ થાક્યા વગર ઉત્સાહથી કામ કર્યે જ જાય છે.

એક દિવસ ચોમાસાનો સમય હતો. ગાડી આવવાને હજુ થોડીવાર હતી. આકાશ કાળાં કાળાં વાદળોથી ઘેરાયેલું હતું.

એવામાં એક માણસ બૂટ પોલીશ કરાવવા આવે છે. રઘુ બૂટ ચમકાવે છે. પેલા માણસનું ધ્યાન છાપું વાંચવામાં હતું.

એટલામાં વરસાદ વરસવો શરૂ થઈ ગયો. સ્ટેશન પર લોકોની ભાગદોડ વધી ગઈ. તેથી પેલો માણસ રઘુને પૈસા

આપીને ફટાફટ ચાલતો થઈ ગયો.

રઘુ પણ પોતાનો સામાન ઉઠાવવા જાય છે ત્યાં અચાનક તેનું ધ્યાન કાળા રંગના પાકીટ પર પડ્યું.

રઘુના મનમાં તુરંત ઝબકારો થયો. તે પાકીટ લઈને દોડ્યો. પણ પેલો માણસ દેખાયો નહિ. પાકિટ ખોલીને જોયું તો તેમાં રૂપિયાની નોટો હતી.

આટલા બધા રૂપિયા જોઈને રઘુ ખુશ થઈ ગયો. તેના મને જવાબ આપ્યો : 'રઘુ આ તારી મહેનતના રૂપિયા નથી. બીજા કોઈની વસ્તુ પર આપણો હક કેવી રીતે હોઈ શકે. ?'

રઘુએ મનમાં કંઈક વિચાર્યું અને ફરીથી આખું પાકીટ જોયું. તેમાંથી એક કાર્ડ મળ્યું. રઘુ સીધો જ કાર્ડમાં લખેલા સરનામે પહોંચી ગયો. તેણે ઘરમાં જઈને જોયું તો પેલો માણસ હતો કે જેણે પોતાની પાસે બૂટ - પોલીશ કરાવ્યા હતા.

રઘુને પોતાના ઘરે આવેલો જોઈને પેલો માણસ પણ નવાઈ પામ્યો.

રઘુએ કાળા રંગનું પાકિટ પેલા માણસ સામે ધર્યું.

પોતાનું પાકિટ રઘુ પાસે જોયું ત્યારે પેલા માણસને ખ્યાલ આવ્યો કે પોતાનું પાકિટ સ્ટેશન પર જ પડી ગયું હતું.

રઘુની પ્રામાણિકતા જોઈને માણસ ખુશ થઈ ગયો.



તેણે રઘુને ઈનામમાં એટલા રૂપિયા આપ્યા કે હવે રઘુને બૂટ - પોલીશ કરવાની જરૂર જ ન રહી. તથા સાથે સાથે રઘુના ભણવાનો ખર્ચ પણ પેલા માણસે ઉપાડી લીધો. ત્યારે રઘુને થયું સાચે જ, પ્રામાણિકતા એ પોતાની કિસ્મત ચમકાવી દીધી.

■ ■ ■ ■ ■

# ૯. વાદળ અને ચીનુ

એક દિવસ નાનાકડો ચીનુ છત પર એકલો બેસી રડતો હતો.

તેને કોઈએ ગલગલીયાં કર્યા હોય, એમ લાગતાં તેણે ચારેબાજુ જોયું પણ.

કોઈ દેખાયું નહિ. તેથી તે ફરી રડવા લાગ્યો.

ફરીવાર કોઈએ ચીનુને ગલગલીયાં કર્યા. આ વખતે તો ચીનુ હસી પડ્યો.



જોયું ! તમને હસાવી દીધા ને ! એક અવાજ આવ્યો.

આ વખતે ચીનુએ સામે જોયું. તો એક ગોળ મટોળ વાદળ ચીનુ સામે હસતું હતું.

વાદળને જોઈને ચીનુને નવાઈ લાગી. તેણે પૂછયું ''વાદળ અંકલ તમે અહીંયા ક્યાંથી આવ્યા ?

'આ તો હું નદીમાં જતું હતું. પણ રસ્તામાં તમને જોયા એટલે તમારી સાથે વાત કરવા રોકાઈ ગયું.' વાદળ ચીનુને વહાલ કરતાં બોલ્યું.

'તમે નદીમાં નહાવા જતા હતા ? જાતાં જાતાં રસ્તામાં રોકાઈ પણ જાવ ? '

'મને નાના છોકરા સાથે વાતો કરવી ખૂબ ગમે છે. તેથી હું રોકઈ ગયો. અને નદીમાં હું નહાવા નથી જતો. હું તો નદીમાં પાણી ઠાલવવા જાઉં છું.' વાદળ હવામાં તરતાં બોલ્યું.

'તમે પાણી કયાંથી ભરી લાવો છો ?' ચીનુએ જીજ્ઞાસા સહ પ્રશ્ન પૂછયો.

'તેં દરિયો જોયો છે ?'

'હા. હવે સમજાયું તમે દરિયામાંથી પાણી ભરી લાવો

છો.'

'એમ નહિ. જ્યારે ઉનાળામાં સૂરજદાદા બહુ તાપ વરસાવે છે ત્યારે દરિયાનું પાણી ગરમ થાય છે.'

'પણ તેનાથી શું થાય ?'

'પાણી ગરમ થાય એટલે તેની વરાળ બને.'

'પણ એ વરાળ તો આકાશમાં ઊંચે ઊડી જાય.' વાદળને અધવચ્ચે અટકાવતાં ચીનુ બોલ્યો.

'તારી વાત સાચી છે. વરાળ વજનમાં હળવી હોય એટલે આકાશમાં ઊંચે ઊડી જાય. વરાળ ભેગી થઈને વાદળ બને.' વાદળે સમજાવ્યું.

'તો તમારી અંદર વરાળ છે ?' ચીનુ એક પછી એક પ્રશ્ન પૂછ્યે જતો હતો.

'વાદળ જ્યારે આકાશમાં ઊંચે હોય ત્યારે તેમાં વરાળ હોય. પણ જ્યારે વરાળ ઠરે ત્યારે તેનું પાણી બની જાય. ચાલતા ચાલતા વાદળ જયાં પહોંચે ત્યાં આ પાણી ઠાલવી દે.'

'આ તો કેવું નવાઈ જેવું. મને તો આ વાતની ખબર ન જ હતી. ચીનુ વાળમાં હાથ ફેરવતાં બોલ્યો. વાદળ અંકલ એક પ્રશ્ન પૂછું.'



'હા, હા પૂછને, એક જ શા માટે ? બે - ત્રણ પ્રશ્નો પૂછ.' વાદળ હરખાતાં હરખાતાં બોલ્યું.

'તમે એકલા નદીમાં જાવ છો તો તમને બીક નથી લાગતી ?'

'અમે આકાશમાંથી તો ઘણાં બધાં વાદળો સાથે નીકળીએ. તેમાંથી કોઈ નાનું હોય. કોઈ મોટું હોય. વળી કોઈ ધીમે ચાલે તો કોઈ ઝડપી ચાલે. એટલે બધા એકબીજાથી છૂટા પડી જાય.' ચાલતાં ચાલતાં જે વાદળ થાકી જાય તે ત્યાં પોતાનું પાણી ઠાલવી દે. કોઈ વાદળ તો તમારા જેવા નાના બાળકોને નવડાવે પણ ખરા.

'હા, હું એક દિવસ નિશાળેથી આવતો હતો ત્યારે એક વાદળે મને પણ નવડાવ્યો હતો.'

'તમે મને આટલા બધા પ્રશ્નો પૂછ્યા તો હવે હું તમને એક પ્રશ્ન પૂછું.'

'હા. પૂછો. હવે તમારો વારો.' ચીનુએ કહ્યું.

'હું આવ્યો ત્યારે તમે રડતા કેમ હતા ?' વાદળે પૂછ્યું.

'એ તો વાદળ અંકલ મારે ચોકલેટ ખાવી હતી. પણ મમ્મીએ ચોકલેટ આપવાની ના પાડી.' ચીનુએ કંઈક વિચારતાં આગળ પૂછ્યું :

'વાદળ અંકલ, તમે પાણીના બદલે ક્યારેક ચોકલેટ ભરીને ન આવો ?'

'હું ચોકલેટ લઈ આવું તો તમારા જેવા નાના બાળકો ચોકલેટ જ ખાધા કરે. પછી દાંત બધા સડી જાય. વધારે સડી જાય તો પડી પણ જાય.'

'હંમ.... એટલે જ મમ્મી ના પાડતી હશે. હવે હું વધારે ચોકલેટ નહી ખાઉં.'

'લ્યો ચીનુભાઈ આજે હું તમને મારું મીઠું પાણી આપું છું' પાણી આપી વાદળ ત્યાંથી ચાલતું થયું.

'આવજો વાદળ અંકલ !' ચીનુએ હાથ હલાવી વાદળને વિદાય આપી.

■ ■ ■ ■ ■



# ૧૦. દાડમ સફરજનની લડાઈ

એક ડોશી હતાં.

ડોશી ઝૂંપડી બાંધીને એકલાં રહેતાં હતાં.

ડોશી જંગલમાંથી લાકડાં કાપી લાવતાં. તેમાંથી કેટલાંક લાકડાં ચૂલો સળગાવવા રાખી મૂકે. અને બાકીનાં લાકડાં વેચી આવે. તેમાંથી જેટલા પૈસા આવે તેનું ડોશી શાકભાજી કે લોટ લાવીને રસોઈ બનાવતા.

એક દિવસ ડોશી જંગલમાંથી પસાર થતાં હતાં. ત્યારે તેમને રસ્તામાંથી એક દાડમ મળ્યું. ડોશીએ દાડમ સાડીના છેડે બાંધ્યું.

ડોશી થોડે આગળ ગયા તો રસ્તામાંથી સફરજન મળ્યું. ડોશીએ તેને પણ સાડીના છેડે બાંધ્યું.

ઘરે આવીને ડોશીએ દાડમ અને સફરજન એક કોઠી પર મૂક્યા. ડોશીએ મનમાં વિચાર્યું, 'કાલે સવારે આ બંનેને ખાઈશ.'

રાત્રે જમી, પરવારી ડોશી સૂઈ ગયાં. સફરજન અને દાડમ પણ કોઠી પર સૂઈ ગયાં.

સફરજન લીસુ હોવાથી ઊંઘમાં ગબડતું ગબડતું દાડમ પર પડ્યું. દાડમ સફાળું જાગી ગયું. સફરજનના વજનથી દાડમ એકબાજુ થોડું દબાઈ ગયું. આ જોઈને સફરજનને હસવું આવ્યું.

સફરજનને હસતું જોઈને દાડમને બહુ ગુસ્સો આવ્યો. એક તો તેના ઉપર પડ્યું ને વળી પાછુ પોતાને દબાવી નાખ્યું. દાડમ ઘૂંઆપૂંઆ થતાં બોલ્યું :

'એક તો કંઈ કામનું છે નહિ. ખબર નહિ ડોશી શું જોઈને તેને સાથે લાવી હશે ? મને એક ને જ લાવવાની જરૂર હતી.'

તને લાવીને ડોશી શું ખાત ? છાલને છોડિયાં ? સફરજને સામો જવાબ આપ્યો.

'હા, મારા દાણા તો કામના છે પણ છાલ - છોડિયાં



પણ એટલાં જ ઉપયોગી છે. તારી છાલમાં શું ખાવા જેવું છે ?'

હવે, આ ખાખરાની ખિસકોલી આંબાનો સ્વાદ શું જાણે ? તને શું ખબર કે રોજ છાલ સાથે એક સફરજન ખાઓ તો ડૉક્ટર રહે દુર. પણ તારી છાલ ખાઈને તો પેટમાં જ દુઃખાડવાનું ને ! સફરજન તીણા અવાજે બોલ્યું.

'મારી છાલ પેટમાં દુઃખાડે નહિ પણ પેટમાં મટાડે. જો ઝાડા થઈ ગયા હોય તો લોકો મારી છાલ ખાય છ. તે દવાનું કામ કરે છે. દાડમે ચોખવટ કરી.'

'પણ તારી છાલને કારણે તારો દેખાવ કેવો વિચિત્ર લાગે છે. કે જોઈને જ ખાવાનું મન ના થાય. અને જો મને હું કેવું લાલ ચટ્ટાક કે જોતાં વેંત જ ખાવાનું મન થઈ જાય. દાડમને ચીડવતાં સફરજન બોલ્યું.'

લોકો દેખાવ જોઈને તેની કિંમત નથી કરતાં પણ ગુણ જોઈને કરે છે. મારી આ છાલ મારી અંદર રહેલા દાણાનું રક્ષણ કરે છે. પંદર દિવસ સુધી પણ દાણાને બગડવા નથી દેતી. અને તારી છાલ ? તારી છાલ તો બગડી એટલે તારી અંદર રહેલા માવાને પણ બગાડે છે. પોતાના વખાણ કરતાં દાડમ બોલ્યું.'

સફરજન પણ હાર માને એવું ન હતું. તેણે કહ્યું : 'હું

જલદી બગડી જાઉં એટલે લોકો મને ફ્રિજમાં મુકે છે. અને મને ઠંડી ઠંડી હવામાં રહેવું બહુ ગમે છે. તને તો લોકો અહીંને તહીં ગમે ત્યાં મૂકી દે છે.'

સફરજન અને દાડમની લડાઈ હજુ પણ ચાલુ રેત પરંતુ બંનેને ડોશીમા ઉઠયા હોય એવું લાગ્યું તેથી બંને ચુપ થઈ ગયા.

ડોશીમાની આંખ ખૂલી તો તેને લાગ્યું કે કોઈ વાતો કરે છે. તેમણે ઉઠીને જોયું પણ કોઈ દેખાયું નહીં.

ડોશીમા સૂવા જતાં હતાં ત્યાં તેની નજર કોઠી પર પડેલા સફરજન અને દાડમ પર પડી. ડોશીએ વિચાર્યું આ સફરજનને કોઠીની અંદર મૂકી દઉં. વળી ઉંદર આવશે તો દાંત ભરાવી દેશે.

ડોશીએ સફરજન કોઠીની અંદર મૂકયું અને સૂવા માટે ચાલ્યા ગયા.

દાડમે કોઠીની અંદર રહેલા સફરજનને કહ્યું : 'કેમ મજા આવે છે ને ? ફ્રીજના બદલે આ કોઠીમાં નિરાંતે સૂઈ જા.'

■ ■ ■ ■ ■



# ૧૧. વેજા વાંદરાના પરાક્રમો

એક મોટું મજાનું જંગલ હતું.

આ જંગલના રાજા હતા સિંહ. તેમને બે રાજકુંવર.

જંગલમાં વાઘ, ચિત્તો, રીંછ, હાથી, હરણ, શિયાળ બધા પોતપોતાના પરિવાર સાથે રહે.

આ જંગલમાં એક વેજો વાંદરો રહે. વેજો સ્વભાવે ખૂબ ચંચળ. તે ક્યાંય નિરાંતે બેસે જ નહિ. ઝાડ પર આખો દિવસ કૂદાકૂદ જ કર્યા કરે.

વેજાને એક દિવસ વિચાર આવ્યો. આ જંગલમાં એક

પણ દરજીની દુકાન નથી. બધા પ્રાણીઓને કપડાં સીવડાવવા બહાર જવું પડે છે. ચાલ હું જ કંઈક કરું.

બીજા દિવસે સવારે વેજાએ એક ઝાડ નીચે સંચો મૂક્યો. અને ઝાડ ઉપર બોર્ડ મૂક્યું. 'વેજાકુમાર દરજીવાળા'

ધીમે ધીમે જંગલના પ્રાણીઓને જેમ જેમ વેજા દરજીની જાણ થતી ગઈ તેમ તેમ પ્રાણીઓ કપડાં સીવડાવવા લાગ્યાં.

વેજાનું દરજીકામ સારી રીતે ચાલતું હતું.

બધા પ્રાણીઓ તેના કામથી ખુશ હતા. ક્યારેક કોઈના કપડાં બગડતાં તો વેજો તેને ચાલાકીથી સમજાવી દેતો કે આ તો અત્યારની ફેશન છે.

આ વાતની ખબર સિંહરાજાને થઈ. આ વાત જાણી સિંહ મનોમન બોલ્યો : વાંદરાએ ગુંલાટ ખાવાનું છોડી દઈને કાતર પકડી લીધી. જોઈએ કેટલા દિવસ આ ગાડું ચાલે છે.

એક દિવસ હિરો હાથી, વેજા દરજીની દુકાને આવ્યો અને બોલ્યો : 'વેજા, તું મારા માટે પેન્ટ-શર્ટ સીવી શકે છે ?'

બીજા બધા માટે સીવતો હોય તો તમારા માટે કેમ નહિ ? વેજો અભિમાનથી બોલ્યો.

વેજાએ હિરા પાસેથી કપડું લઈ લીધું. અને ત્રણ દિવસ પછી પેન્ટ-શર્ટ લઈ જવા માટે કહ્યું.

વેજાએ પેન્ટ શર્ટ તૈયાર કરી દીધાં.

ત્રીજા દિવસે હાથી કપડાં લેવા આવ્યો તે ત્યાં જ કપડાનું



માપ કરવા લાગ્યો. પણ આ શું ? શર્ટ પહેર્યું તો ખરું પણ તેનું અડધુ પેટ ખુલ્લુ રહેતું હતું. અને પેન્ટ તો પગમાં આવ્યું જ નહિ. હિરા તો ધુંઆપુંઆ થઈ ગયો. વેજા સામે લાલ આંખો કરતાં તે બોલ્યો :

'તેં મારી મજાક કરવા માટે આવું કર્યું છે ? મારું કિંમતી કાપડ તેં બગાડ્યું છે. હું રાજાજીને તારી ફરિયાદ કરીશ.'

વેજો તો બઘવાઈ જ ગયો. તેણે હિરાના પગ પકડીને માફી માંગી.

હિરો ગુસ્સે થતાં થતાં ત્યાંથી ચાલ્યો ગયો.

વેજાએ મનોમન વિચાર્યું, 'આજે તો જેમ - તેમ કરીને જીવ બચી ગયો. પણ જો રાજાની પાસે ફરિયાદ પહોંચી ગઈ તો તો જીવથી હાથ ધોઈ નાખવા પડે. તેના કરતાં આ સારું કે દુકાન જ બંધ કરી દઉં.'

એમ વિચારી વેજાએ બીજા દિવસથી દરજીકામ બંધ કરી દીધુ અને બે ત્રણ દિવસ માટે જંગલની બહાર ચાલ્યો ગયો.

જંગલમાં પાછા આવીને વેજાને વળી પાછો વિચાર આવ્યો. 'જો મોચીની દુકાન કરી હોય તો જંગલના પ્રાણીઓને બૂટ-ચંપલ માટે બહાર ન જવું પડે.'

બીજા દિવસે સવારે વેજાએ એક ઝાડ નીચે થોડો ઘણો સામાન ગોઠવ્યો.

બધા પ્રાણીઓએ જોયું કે જંગલમાં નવી મોચીની દુકાન ખૂલી છે. નવા બુટ-ચંપલ સીવડાવવા માટે એક પછી એક પ્રાણીઓ આવવા લાગ્યાં.

વેજાકુમારનું મોચીકામ ધમધોકાર ચાલવા માંડ્યું. હવે તો વેજો ઓર્ડર આપવા આવે ત્યારે જ પૈસા લઈ લેતો.

બધુ બરાબર ચાલતુ હતું.

એક દિવસ વેજો પોતાના કામમાં હતો. અચાનક તેનું ધ્યાન ગયું કે એક કાનખજુરો તેની દુકાને આવીને ઉભો છે.

'આવો, આવો, આજે તમે અહીંયાં ક્યાંથી ?' કાનખજૂરાને આવકારતાં વેજો બોલ્યો.

મારે નદીની ભીની રેતીમાં ચાલવાનું હોય છે. રેતીમાં શંખલા અને છીપલા હોવાથી મારા પગમાં બહુ વાગે છે. આ તો મને કનુ કાચબાએ કહ્યું કે જંગલમાં નવી મોચીની દુકાન ખુલી છે. તારે બુટ બનાવવા હોય તો તેથી અહીંયાં આવ્યો છું.

આ સાંભળી વેજાએ મનોમન કંઈક વિચારી પછી ગણતરી કરી બોલ્યો : 'હા હા બૂટ તો હું સરસ બનાવી દઈશ પણ તમારે પગ વધારે હોવાથી મારી મહેનત વધી જાય. તેથી તમારે પૈસા બૂટની સંખ્યા પ્રમાણે આપવા પડશે.'

'ભલે તમારી વાત મને મંજૂર છે. પણ બૂટ સરસ બનવા જોઈએ. પૈસા આપતાં કાનખજુરાએ કહ્યું.'



વેજાએ તે પહેલાં જ પૈસા લઈ લીધા. અને અઠવાડિયા પછી કાનખજૂરાને આવવાનું કહ્યું.

નક્કી કરેલા સમયે કાનખજુરો આવી પહોંચ્યો. વેજાએ તેને બૂટ આપ્યા. બૂટની સંખ્યા વધારે હોવાથી નાના માપના બનાવવાના હોવાથી વેજાને કંટાળો આવ્યો તેથી બૂટ બનાવવામાં તેનું ધ્યાન રહ્યું નહિં. આ જોઈને કાનખજુરો નારાજ થઈ ગયો.

વેજાએ કાનખજુરાને અડધા પૈસા પાછા આપી દીધા અને જેમ તેમ સમજાવીને પાછો મોકલી દીધો.

વેજાએ મનોમન વિચાર્યું કે આજે તો એક કાનખજુરો આવ્યો હતો. જો આવા બે - ત્રણ કાનખજુરા આવી જાય તેના કરતાં તો આ મોચીનો ધંધો બંધ કરી દઉં.

એમ વિચારી વેજાએ બીજા દિવસથી ઝાડ પરથી પોતાના નામનું બોર્ડ ઉતારી લીધું.

બધાં પ્રાણીઓ આવી આવીને પાછાં જવાં લાગ્યાં. પણ ઝાડ ઉપર ન તો વેજાકુમાર મોચીવાળાનું પાટિયું મળે કે ન તો વેજાકુમારની દુકાન મળે.

આમને આમ થોડા દિવસો પસાર થઈ ગયા.

પણ વેજાને તેના ચંચળ સ્વભાવને કારણે ફરી વિચાર આવ્યો. આ વખતે ડૉક્ટરનું દવાખાનું ખોલ્યું હોય તો ! જંગલના પ્રાણીઓને રાતે કંઈ થાય તો દોડાદોડી કરીને

જંગલની બહાર ન જવું પડે.

બીજા દિવસે આવતાં જતાં પ્રાણીઓએ જોયું તો જે ઝાડ પર રહેતો હતો, ત્યાં એક પાટિયું લટકતું હતું. તેના પર લખ્યું હતું. 'ર્ડાક્ટર વેજાકુમાર'.

જંગલના રાજા સિંહના કાને આ બધી વાતો આવતી. દરેક વખતે વાત સાંભળીને રાજાજી હસતા. કારણકે તેઓ વેજાનો સ્વભાવ જાણતા હતા. તેઓને ખબર હતી કે વેજાનો કોઈપણ ધંધો પંદર દિવસ કે મહિનાથી વધારે લાંબો ટકવાનો નથી.

આ વખતે પણ ર્ડાકટર વેજાકુમારનું દવાખાનું થોડા દિવસ બરાબર ચાલ્યું.

એક દિવસ વાઘ તેના બચ્ચાને લઈને દવાખાને આવ્યો. તેના બે દાંતની વચ્ચે હાડકાનો ટુકડો ફસાઈ ગયો હતો.

વેજાએ હાડકાનો ટુકડો એક મોટા ચીપિયાથી ખેંચ્યો પણ ભૂલથી હાડકાના ટુકડાને બદલે દાંત ખેંચાઈ ગયો હતો. બચ્ચાનું મોઢું લોહી લોહી થઈ ગયું. બચ્ચાંની મા તો ત્યાં ને ત્યાં મોટેથી રડવા લાગી. વાઘ બચ્ચાને ઝડપથી બીજા દવાખાને લઈ ગયો.

વેજાને થયું આ વખતે તો આવી જ બન્યું. મને જીવતો નહિ છોડે. એમ વિચારી વેજો તો જંગલમાંથી ભાગ્યો. પોતાના નામનું પાટિયું ઉતારવા પણ ન રહ્યો.



દસેક દિવસ પસાર થઈ ગયા.

વેજો પાછો જંગલમાં આવ્યો. તેને હતું કે હવે તો બધા પ્રાણીઓ પોતાની ભૂલ વિશે ભૂલી ગયા હશે.

ખરેખર એમ જ થયું. કોઈએ વેજાને તેની ભૂલ વિશે કશું ન કહ્યું. આ જોઈને વેજામાં હિંમત આવી.

વેજાએ આ વખતે વિચાર્યું કે કંઈક નવીન કરવું જોઈએ. વેજો આવું વિચારતો હતો ત્યાં તેણે દૂરથી સિંહને આવતો જોયો.

સિંહને જોઈને વેજાના મોતિયા મરી ગયા તે મનોમન બબડ્યો. નક્કી બધા પ્રાણીઓએ મારી ફરિયાદ કરી હોવી જોઈએ. તેથી જ રાજાજી મને સજા કરવા આવતા હશે.

ગુલાંટ મારવાનું છોડીને આ બધા ધંધા કરવાની કુમતિ મને ક્યાંથી સૂઝી ? ચાલ, અત્યારે તો જીવ બચાવીને ભાગવા દે.

વેજો વાંદરો પાછું જોયા વગર ભાગવા લાગ્યો.

વેજાને ભાગતો જોઈને સિંહ હસવા લાગ્યો.

તે દિવસથી વેજાએ કોઈપણ પ્રકારનો ધંધો કરવાનું છોડી દીધું. અને પહેલાની જેમ ગુલાંટો મારવા લાગ્યો.

■ ■ ■ ■ ■